Saturday 15, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણમાં આજે સ્વતંત્રતા દિન ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૪ :** દમણમાં ૮૦મો સ્વતંત્રતા દિવસની ઉજવણી મોટી દમણના લાઈટહાઉસ બીચ પર કરાશે. ડેપ્યુટી કલેક્ટર (જનરલ) આરતી અગ્રવાલે કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે આ ઉજવણી ૧૫ ઓગસ્ટના શનિવારના રોજ સવારે ૮:૩૦ વાગ્યે શરૂ થશે. સમારોહમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે. આ રાષ્ટ્રીયપર્વમાં નાગરિકોને ઉત્સાહભેર જોડાવા પ્રશાસન તરફથી અનુરોધ કરાયો છે.

## આજે નવરચિત નાનાપોંઢામાં જિલ્લા કક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકા ખાતે તા. ૧૫ ઓગસ્ટે ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી સવારે ૯:૦૦ વાગે રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં થશે. જેની તમામ તૈયારીઓ પૂર્ણ થતા તા. ૧૪ ઓગસ્ટે સવારે ૯ કલાકે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં રિયલ ટાઈમ રિહર્સલ કરાયું હતું. નાગરિકો સરળતાથી પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકે વહીવટીતંત્ર દ્વારા સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



## વલસાડમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ શહેરના મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

''વિભાજનની વેદનાને સ્મરીએ, બલિદાનને નમન કરીએ'' ટેગલાઈન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વિભાજન વિભીષિકા વિષયક ડોક્યુમેન્ટરીની પ્રસ્તુતિ કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ''વંદે માતરમ...''ના સામૂહિક ગાનથી કરાઈ હતી. તથા વિભાજનની યાતનાનું વર્ણન કરતુ ''વિભાજન: એક આતંક'' વિષય પર નાટક રજૂ કરાયું હતું. ત્યારબાદ મોડી સાંજે મોરારજી દેસાઈ ઓડિટોરીયમથી કેન્ડલ માર્ચનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વલસાડ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, જિલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાન સહિતના અધિકારીઓ અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં ઠેર ઠેર સ્વતંત્રતા દિવસની ઉજવણી


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી પંથકમાં ઉજવાનારા સ્વતંત્રતા દિવસને લઈને વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પોલીસ વિભાગ તેમજ રેલવે પરિસરમાં ધ્વજવંદન કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

વાપીના તમામ મુખ્ય ચાર રસ્તા અને ટર્નિંગ પોઈન્ટ ઉપર રાષ્ટ્રધ્વજ નું વેચાણ પણ કરાઈ રહ્યું છે. તથા રોશની પણ કરાઈ છે.

વાપી મહાનગરપાલિકાની પ્રથમ બોડી અસ્તિત્વમાં આવ્યા બાદ ૮૦માં 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવશે. શનિવારના રોજ સવારે ૦૯.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાશે. કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના પ્રથમ મેયર શ્રીમતી દક્ષાબેન પટેલના ધ્વજવંદન કરવામાં આવશે. એ રીતે વાપી જીઆઈડીસી માં આવેલા ઔદ્યોગિક એકમોના સમૂહ વીઆઈએ ઉદ્યોગનગર પોલીસ મથક, વાપી ટાઉન પોલીસ મથક, ડુંગરા પોલીસ મથક તેમજ વાપી મહાનગરપાલિકાની વિવિધ ઝોન કચેરીઓ ખાતે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત કેબીએસ કોલેજ, આર.કે. દેસાઈ કોલેજ, શ્રી રજ્જુભાઈ શ્રોફ યુનિવર્સિટી સહિતની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિવિધ સરકારી અને ખાનગી શાળાઓમાં પણ રાષ્ટ્રધ્વજને સલામી આપી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવશે. તથા વિવિધ કાર્યક્રમો યોજાશે.

દેશના ૮૦મા સ્વાતંત્રતા પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ



શ્રી ગણેશ ઉત્સવ એડવાન્સ બુકિંગ ચાલુ છે

80Th INDEPENDENCE DAY

આપના આંગણે બાપ્પાના આગમનને બનાવો વધુ દિવ્ય અને ઉત્સાહિત. આપની મનગમતી શ્રી ગણેશજીની મૂર્તિ આજે જ બુક કરાવો અને મેળવો વિશેષ ઓફર
શુદ્ધ માટી અને પી.ઓ.પી. ની તમામ મૂર્તિઓના એડવાન્સ બુકિંગ પર ૧૦%નું ભવ્ય ડિસ્કાઉન્ટ મેળવો.

સરનામું : શ્રી વિઘ્નહર્તા મૂર્તિ આર્ટ, મંગલદીપ હોલ, ગંગા માતા મંદિર પાસે, પાંચ બત્તી, બીલીમોરા

સંપર્ક : રાકેશ ટંડેલ : ૮૮૬૬૨૨૭૭૧૦ / ૭૩૮૩૭૭૭૧૭૫

સ્વાતંત્રતા પર્વ ૧૫મી ઓગસ્ટ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ





ૐ નમઃ શિવાય

એક શુભેચ્છક
બીલીમોરા

'સ્વાતંત્ર્યદિન' ની હાર્દિક શુભકામના

સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવી
ગણદેવી - ૩૯૬૩૬૦, વાયા-બીલીમોરા (વેસ્ટર્ન રેલ્વે), જિ. નવસારી
ફોનઃ (૦૨૬૩૪) ૨૬૨૩૪૪, ૨૬૨૩૪૬
Email: gandevisugar56@gmail.com

ચેરમેન અમિતકુમાર ટી. પટેલ
વા. ચેરમેન અલ્પેશભાઈ સી. દેસાઈ
બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તેમજ ગણદેવી સુગર પરિવાર




सत्यमेव जयते
Government of India

સૌ દેશવાસીઓને 80 મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ



આપ સૌને આઝાદીના આઝાદીના આ મહાન પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ૧૪૦ કરોડ દેશવાસીઓનો એક જ મંત્ર છે - 'વિકસિત ભારત'. વિકસિત ભારત બનાવવા માટે, ના આપણે રોકાઈશું, ના આપણે ઝૂકીશું; અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવીને રહીશું

- નરેન્દ્ર મોદી

CBC 22201/13/0019/2627

લાલ કિલ્લાની પ્રાચીરથી સ્વતંત્રતા દિવસ સમારોહનું જીવંત પ્રસારણ
સવારે ૬.૩૦ વાગ્યે દૂરદર્શન નેટવર્ક પર

## તંત્રી સ્થાનેથી...

# રાષ્ટ્રીય ચેતના અને અંતરઆત્માની જ્યોત તો જલતી રાખીએ

આજે દેશ આઝાદીના એંસીમાં વર્ષની ઉજવણી કરી રહ્યો છે. અખંડ હિન્દુસ્તાન પર આક્રમણકારીઓના આક્રમણો અને પછી બ્રિટિશ હકુમત બાદ અનેક બલિદાનીઓના બલિદાનોના પગલે અને જેને હવે સત્તાવાર રાષ્ટ્રગીત તરીકેનો દરજ્જો મળ્યો છે એ 'વંદે માતરમ...' નું ગાન કરતાં કરતાં, એનો ઉદ્દઘોષ અને જયઘોષ કરતાં કરતાં આપણે આઝાદ થયા. જો કે, એ આઝાદીની બહુ મોટી કિંમત ભારતવર્ષે ચૂકવી છે. એટલે એને આપણે એને મહામૂલી આઝાદી કહીએ છીએ. આમ પણ દરેક રીતની આઝાદી એ હકીકતમાં તો મહામૂલી નહીં, અમૂલ્ય હોય છે. જે પ્રજા આ સત્ય અને તથ્ય ભૂલી જાય છે એને ગુલામીની જંજીરોમાં સહેલાઈથી જકડી શકાય છે. જો આપણે પણ રાજકીય, આર્થિક, સામાજિક કે સાંસ્કૃતિક એવી કોઈપણ પ્રકારની કોઈની પણ ગુલામીની હવામાં શ્વાસ ન લેવો હોય તો એનું મૂલ્ય સમયસર પારખી લેવું જોઈએ. જો કે કમનસીબી એ છે કે, આપણે આઠ દાયકા પછી પણ આ વાત સમજી અને સ્વીકારી શક્યા નથી. એના ઉદાહરણો શોધવા જવા પડે એમ નથી.

દર વર્ષે ૧૫મી ઓગસ્ટ આવે એટલે દેશમાં દેશભક્તિનું માહોલ જામે, તેમાં પણ હવે તિરંગાયાત્રાઓને કારણે ગામેગામ અને મહોલ્લે મોહલ્લે આ વાતાવરણ જામતું જોવા મળે છે. દરેકને તિરંગાનું ગૌરવ હોય છે. સરહદ પર સૈનિકો એના માટે બલિદાન આપે છે અને રમતના મેદાનમાં ખેલાડીઓ પણ એડીચોટીનું જોર લગાડી એની આન અને શાન વધારવા મહેનત કરે છે. દેશનો સરેરાશ નાગરિક પણ પોતાના અસ્તિત્વ અને વજુદને પણ પડખે મૂકી પોતાનાથી બનતો ફાળો આપે છે. પરંતુ આઝાદી દિને હવે એક વાત સતત પજવે છે કે, આખરે મોટાભાગના ભ્રષ્ટ રાજકારણીઓ અને વહીવટકર્તા, સમાજમાં ઉજળા થઈ ફરતાં કહેવાતા અગ્રણીઓ અને સેવાભાવીઓ, સંતો વગેરે રાષ્ટ્રીય પર્વ પ્રસંગે કાર્યક્રમોની શોભા વધારવા ઉતરી આવતા હોય છે અને લાંબીલચાક સુંફિયાણી સલાહો આપતાં હોય છે. જો કે, તેમના આચાર અને વિચારમાં આસમાન અને જમીન વચ્ચે હોય એના કરતાં પણ વધારે અંતર અને વિરોધાભાસ સ્પષ્ટ જોવા મળતાં હોય છે. છતાં સાવ બેશરમી અને નફફટાઈથી એમને ઉપદેશો ભચડવામાં કોઈ સંકોચ થતો જ નથી. કદાચ સાંભળનારને જરૂર થતો હશે.

બૃહદ સ્તરે સમાજે પણ એ વિચારવું જોઈએ કે, રાષ્ટ્રીય ગૌરવને વધારે અને ઉજાગર કરે એવા રીયલ હીરો સમાજમાં કયા છે ? આ તો ખોટા ભગવાનોની પૂજા થઈ રહી છે. અખબારીયાદીઓમાં વાંચવા મળે કે ફલાણાફલાણાનાં વરદ હસ્તે ધ્વજવંદન કરાશે. ત્યારે એ વિચારવું જોઈએ કે, એ માની લીધેલા વરદહસ્તો ક્યાંક ભ્રષ્ટાચાર, લાંચ રુશ્વત, અનિતી, કપટ, દગાખોરી, દંભ, સગાંવાદ, કોમવાદ, જાતિવાદ, વંશવાદ વગેરે જેવા દુષણોથી ખરડાયેલાં તો નથી ને ? અલબત્ત, આજે સ્થિતિ એવી છે કે, એ વિચારીને પણ છેવાડેનો માનવી તો કશું જ કરી શકે નહીં એટલો લાચાર છે. પરંતુ કમ સે કમ એ રીતે એની રાષ્ટ્રીય ચેતના અને અંતરઆત્માની જ્યોત તો જલતી રહી શકે. આપણે આઝાદીની શતાબ્દીની ઉજવણીથી હવે બે દાયકા દૂર રહ્યા છીએ ત્યારે એટલા ટૂંકા ગાળામાં પણ એ જ્યોત, મશાલ બની પ્રજવળતી થાય, એનો ઉજાશ વિશ્વભરમાં ઝળહળી ઊઠે એવી આશા સાથે સ્વતંત્ર સંગ્રામના તમામ નામી - અનામી શહીદોને, સ્વાતંત્ર વીરોને કોટીકોટી વંદન સાથે દમણગંગા ટાઈમ્સના તમામ વાચકો અને દેશવાસીઓને આજના સ્વાતંત્ર દિનની શુભકામના. **જય હિંદ....**

-વિકાસ ઉપાધ્યાય

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૨૮/૨૦૨૬

**અરજદાર : શ્રી સુરજીભાઈ માલજીભાઈ કોહકેરીયા**
**ઉ.આ.વ.પુખ્તવયના ધંધો-ખેતી, રહે.** માલખેત વાડુ ફળિયું, ખત્તલવાડા તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરજીભાઈ માલજીભાઈ કોહકેરીયા,** રહે. માલખેત વાડુ ફળિયું, ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **માલજી ધાકલા કોહકેરીયાનું** મરણ તા.૨૨-૦૧-૨૦૦૬ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૧૪૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**No.MAM/KNVL/RBD-DNH/192/2026/1064 Dated: 31/07/2026.**

**APPLICANT - SMT. SALI SITARAM BHOYA,**
**D/o. Moti Kishan Ghute,**
**R/o. Patelpada, Pati, DNH.**
**Mob.: 9727003974/8238164866**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Kherdi.**

**NOTICE**

The public to take note that applicant Smt. Sali Sitaram Bhoya, R/o. Patelpada, Pati, DNH has applied for registration of the birth of herself Sali Kishan Ghute, D/o. Moti Kishan Ghute, who was born on 04/10/1980 at Shivpada, Parzai, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Kherdi.

Therefore, the applicant has requested to issue an order to register birth of herself Sali Kishan Ghute, D/o. Moti Kishan Ghute.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle (Inspector Dadra and Nagar Haveli, Khanvel.**

---

# વાપીમાં પેથોલોજી ઈન્ચાર્જની સ્ટાફ યુવતી સાથે છેડતીથી ચકચાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૪ :** વાપી ગુંજન વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં પેથોલોજી વિભાગના ઈન્ચાર્જ દ્વારા ઈન્ટર્નશિપ કરતી યુવતીની છેડતી કરવાનો બનાવ સામે આવતા ભારે ચકચાર મચી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પીડિત યુવતી છેલ્લા ૧૫ દિવસથી આ હોસ્પિટલમાં ઈન્ટર્નશિપ માટે જોડાઈ હતી. ફરિયાદ છે કે હોસ્પિટલના પેથોલોજી વિભાગના ઈનચાર્જે યુવતી સાથે અયોગ્ય વર્તન કરી છેડતી કરી હતી. આથી ડઘાઈ ગયેલી યુવતીએ સ્થળ પર જ આરોપીને તમાચા ચોડી દીધા હતાં.

યુવતીએ તુરંત જ આ અંગે પરિવારના સભ્યોને જાણ કરી હતી. પરિવારજનો હોસ્પિટલ પહોંચી ગયા હતા અને આરોપી સાથે બોલાચાલી બાદ મારામારી કરી હતી. હોસ્પિટલમાં થોડા સમય માટે તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું.

ઘટનાની જાણ વાપી પોલીસને કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. મોડી સાંજ સુધી પોલીસે બંને પક્ષોના નિવેદનો નોંધીને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી.



## દીવમાં પ્રશાસકનો શિક્ષકો સાથે સંવાદ

દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ્લ પટેલ હંમેશા કેન્દ્રશાસિત પ્રદેશમાં શિક્ષણ અને શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો કરવા માટે પ્રતિબદ્ધ રહ્યા છે. આ સંદર્ભમાં, આજે દીવના મલાલા ઓડિટોરિયમ ખાતે પ્રશાસક પ્રફુલ્લ પટેલની ઉપસ્થિતિમાં, દીવની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો સાથે એક સફળ શિક્ષકો સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શિક્ષણ અને શિક્ષણ ક્ષેત્રે ગુણાત્મક સુધારણા અને સકારાત્મક પરિવર્તન તરફ એક નવીન અને મહત્વપૂર્ણ પહેલ હતી.

# અટગામમાં બંધ મકાનમાં તસ્કરો ૫.૮૧ લાખની મત્તા ચોરી ગયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૪ :** વલસાડના અટગામ પાટા તળાવ ફળિયામાં બંધ મકાનમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૫,૮૧,૧૫૭ ની મત્તા ચોરીની ઘટના સામે આવી છે.

અટગામ પાટા તળાવ ફળિયામાં રહેતા અને વલસાડની અર્ચિત હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા રેખાબેન બાબુભાઈ પટેલ ગત તા.૧૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે ઘરને તાળું મારી નોકરી પર ગયા હતાં. પતિ પણ કામ અર્થે બહાર ગયા હતા. બપોરે ૩:૦૦ વાગ્યાની આસપાસ રેખાબેન નોકરી પરથી પરત ફરતા ઘરનો મુખ્ય દરવાજો ન ખૂલતાં પડોશમાં રહેતા ભત્રીજાની મદદથી તપાસ કરતા ઘરના પાછળના ભાગે જોતા દરવાજો ખુલ્લો હતો. અંદર જઈને જોતાં બેડરૂમમાં સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. કોઈ ચોર ઈસમો કબાટની તિજોરીના લોક તોડી તેમાંથી સોનાના અલગ-અલગ દાગીના કુલ ૧૦૭.૧૯ ગ્રામ કિંમત આશરે ૪,૮૦,૧૫૭ ચાંદીના દાગીના સાંકળા તથા લુઝર ૨૯,૦૦૦ રોકડ રકમ રૂપિયા ૭૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૮૧,૧૫૭ ની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતાં. જે અંગે રેખાબેન પટેલે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વાપીમાં જાહેરમાં કચરો નાંખશો તો રૂા.૫૦૦થી ૧૫૦૦૦નો દંડ થશે

**વાપી, તા.૧૩ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શહેરના વિકાસ, ટ્રાફિક, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને સ્વચ્છતા અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતાં.

ચોમાસામાં વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે NH-48 પર MRF Tyresથી T.K. Battery Auto Electricals સુધી ૯૦૦ મી.મી. વ્યાસની RCC પાઈપલાઈન તથા ચલા મેઈન રોડથી શ્રદ્ધા હોસ્પિટલ રોડ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાખવાની કામગીરીને મંજૂરી આપવામાં આવી હતી.

શહેરના મુખ્ય અને આંતરિક માર્ગો પર LED સ્ટ્રીટ લાઈટ લગાવવા તથા ચોમાસા બાદ કામગીરી શરૂ કરવા સૂચના આપવામાં આવી હતી. વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને બલીઠા નવા અંડરપાસથી કસ્ટમ ફ્રન્ટિયર રોડને જોડતા ચલા ચોકી ફળિયાના રસ્તા તેમજ NH-48થી વલસાડ રોડ તરફના સર્વિસ રોડને પહોળા કરવા જરૂરી જમીન સંપાદન માટે કલેક્ટરને દરખાસ્ત કરવાની મંજૂરી અપાઈ હતી.

સ્વચ્છતા જાળવવા ખુલ્લામાં કચરો નાંખનાર સામે નિયમ મુજબ રૂા.૫૦૦થી રૂા.૧૫ હજાર સુધીનો દંડ વસૂલવા તથા ખુલ્લા પ્લોટમાં ગંદકી બદલ જમીન માલિકોને નોટિસ આપવા સૂચના અપાઈ હતી. વિકાસ કામોની ગુણવત્તા જાળવવા અને ટેન્ડર પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા પણ ભાર મૂકાયો હતો.

બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS), નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તેમજ સમિતિના સભ્યો સહિતમનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વાપીમાં શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ કલ્યાણક મહોત્સવ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** જૈન સમાજ માટે આસ્થાનો દિવસ એટલે શ્રી નેમિનાથ ભગવાનનો જન્મ કલ્યાણક. આ પાવન અવસરે સમકિત ગ્રુપ - વાપી, ગુજરાત દ્વારા ૧૭ ઓગસ્ટ ૨૦૨૬, સોમવારના રોજ ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન નૂતન સંકુલ, અજીતનાથ જિનાલય પાસે, નેહરુ સ્ટ્રીટ, વાપી ટાઉન ખાતે કરવામાં આવ્યું છે.આ મહોત્સવ અંતર્ગત સવારથી જ વિવિધ કાર્યક્રમો યોજાશે. સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી ભવ્ય ભાવયાત્રા નીકળશે. ત્યારબાદ સવારે ૧૨ઃ૩૦ કલાકે સંઘ સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮ઃ૦૦ કલાકે ભક્તિ મહોત્સવ યોજાશે જેમાં ભક્તો ભજન-કીર્તન દ્વારા શાસનની શોભા વધારશે. આ પુણ્ય સ્મરણના અવસરે ભક્તો માટે આ પુણ્ય સંચિત કરવાનો અનુપમ અવસર છે. સમકિત ગ્રુપ દ્વારા તમામ જૈન બંધુઓને આ કાર્યક્રમમાં પધારીને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.કાર્યક્રમમાં સંગીતકાર તરીકે અનીષ રાઠોડ હજાર રહેશે.

# છરવાડા ગામે કાર અડફટે વૃધ્ધાને ગંભીર ઈજા

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ તાલુકાનાં છરવાડા કકવાડા ફળીયામાં રહેતા અને અતુલ કંપનીમાં નોકરી કરતા શિરીષભાઈ પટેલના ૬૦ વર્ષીય માતા ગંગાબેન છીબુભાઈ પટેલ સવારે ૯:૩૦ કલાકે વલસાડના છરવાડા ગામના દંતરાય ફળીયા શિવ મંદિર પાસેના કોસ્ટલ રોડ પરથી ખેતરે જઈ રહ્યા હતાં. તે દરમિયાન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવેલી એક ઈકો કાર નંબર : GJ-15-AD-2918ના અજાણ્યા ચાલકે ગંગાબેનને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંગાબેનને માથાના કાપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી તેમજ પગ તથા શરીરે મૂઢ માર વાગ્યો હતો. બનાવની જાણ થતાં જ ગામના સ્થાનિક યુવાનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને તાત્કાલિક વલસાડ માં સારવાર માટે લઈ જવાયા હતાં. પ્રાથમિક સારવાર બાદ ગંગાબેનની સ્થિતિ નાજુક હોવાથી અને તેઓ બેભાન હોવાથી વધુ સારવાર અર્થે તેમને વલસાડ ડૉક્ટર હાઉસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# સેલવાસથી પીકઅપમાં લઈ જવાતા દારૂ સાથે એક ઝડપાયો

**વાપી, તા.૧૪ :** વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વલસાડ LCB/પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન મળેલી બાતમીના આધારે મોજે મેઢવાળ, માળા ફળીયા, ટેકરાની પાસે રોડ ઉપર તા. કપરાડા જિ. વલસાડ ખાતેથી એક સફેદ કલરની બોલેરો પીકઅપ ટેમ્પો રજી. નં. DN-09-N-9121ને રોકવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ટેમ્પોમાંથી ભારતીય બનાવટની બીયરના ૫૭ બોક્સ, ટીન નંગ-૧૩૫૮ કુલ ૫૮૪ લીટર વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેની કિંમત રૂ.૩,૦૦,૬૫૦/- થાય છે. પોલીસે ટેમ્પો ચાલક પ્રકાશભાઈ મરિયાભાઈ કાકડીયાભાઈ વરઠા, રહે. લુહારી ખાચપાડા ફળીયા, સેલવાસ દાદરા નગર હવેલીને રૂ.૪,૦૦,૦૦૦/-ની કિંમતના પીકઅપ અને રૂા.૫૦૦૦/-ના મોબાઈલ સાથે કુલ રૂ.૮,૦૫,૬૫૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

# ધરમપુરમાં સ્વતંત્રતા પર્વે પુસ્તક પ્રદર્શન યોજાશે

**ધરમપુર, તા.૧૪ :** ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ (શનિવાર)ના રોજ સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા થીમ અંતર્ગત ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી ખાતે 'રાષ્ટ્રદર્શન અને રાષ્ટ્રચિંતનને લગતા તેમજ આઝાદી અને સ્વતંત્રતા સંગ્રામ વિષયક પુસ્તકોનું વિશેષ પ્રદર્શન યોજવામાં આવશે.

આ ઉપરાંત, લાઈબ્રેરીમાં નિયમિતપણે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા આવતા યુવા-યુવતીઓ દ્વારા હર દિલ મેં તિરંગાની ભાવના સાથે દેશપ્રેમ વ્યક્ત કરી લાઈબ્રેરીના રીડિંગ રૂમને તિરંગા થીમથી સુંદર રીતે સુશોભિત કરવામાં આવ્યો છે.

# વાપીમાં કાવડયાત્રા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી જીઆઈડીસીથી કુંતા સુધી દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી ખાટુ શ્યામ પ્રચાર મંડળ, વાપી-દમણ-સેલવાસ દ્વારા ૧૯મી ભવ્ય જાહેર કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાવડ યાત્રા વાપી જીઆઈડીસીના શ્રી અંબે માતા મંદિરથી પ્રસ્થાન કરી વાપી ટાઉન, ચલા, દમણના ડાભેલ વિસ્તાર તથા કલારીયા થઈ કુંતા ખાતે પહોંચશે. સમગ્ર યાત્રા દરમિયાન કાવડિયાઓ માટે વિવિધ સ્થળોએ ભવ્ય સ્વાગત, નાસ્તો તથા અન્ય સેવાકીય આયોજન કરવામાં આવ્યું છે.

કુંતા ખાતે યાત્રાના આગમન બાદ સાંજે ૭ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ રાત્રિના સમયે ભક્તિમય સંગીત સંધ્યાનું આયોજન કરાયું છે. ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે રાત્રિ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સોમવારે વહેલી સવારે શ્રી કુંતેશ્વર મહાદેવના શિવલિંગ પર પવિત્ર જળનો જલાભિષેક કરવામાં આવશે.

# આજે પારનેરા ડુંગર પર ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧૪ :** દેશભરમાં ૮૦માં સ્વતંત્રાતા દિવસની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. ત્યારે ઐતિહાસિક ધરોહર સમાન પારનેરા ડુંગર પર આવેલા કિલ્લા પરિસરમાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત ભવ્ય ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દેશભક્તિપૂર્ણ કાર્યક્રમ શનિવાર, તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે પારનેરા ડુંગર ઉપર યોજાશે. માતાજી મંદિર ટ્રસ્ટ પારનેરા ડુંગર પીપલ ફોર એનિમલ સંસ્થા તેમજ પારનેરા ગામના ઉત્સાહી યુવા સભ્યો આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે યોજાનાર ધ્વજ વંદન કાર્યક્રમમાં પારનેરા તેમજ આસપાસના વિસ્તારના તમામ દેશપ્રેમી નાગરિકો અને ગ્રામજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ભાવભીનું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

| | |
|---|---|
| e- PTN No. | :26/2026-27/591 |
| Tender ID No. | :2026_UTDNH_8214_1 |
| Last date of download | : 27/08/2026 at 12:00 hrs. |
| Last date of online submission | :27/08/2026 till 13:00 hrs. |
| Last date of hard copy submission | : 27/08/2026 till 15:00 hrs. |

**Name of work - Procurement of 66KV and 220KV Potential Transformers for various 66/11 KV and 220/66 KV Sub-Stations entire in DNH and DD (2nd Call).**

www.dnhtenders.gov.in
e-elec-dnh@ddd.gov.in 026-2406500

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.

**NO.: IP/DMN/2/5/2026-27/426 DATED :14/08/2026**

---

## PUBLIC NOTICE

NOTICE is hereby given that my client has agreed to purchase the properties more particularly described in the Schedule hereunder written from its sole Owner, and my client has also entered into an Agreement for Sale with the said Owner in respect of the said properties.

All persons having any claim, right, title or interest in respect of the properties described in the Schedule hereunder, by way of sale, agreement for sale, exchange, mortgage, charge, lien, lease, tenancy, gift, inheritance, succession, easement, possession, attachment or otherwise whatsoever, are hereby required to make the same known to me in writing along with supporting documentary evidence within 7 (Seven) days from the date of publication of this Notice.

If no such claim or objection is received within the aforesaid period, it shall be deemed that no person has any claim, right, title or interest in respect of the said properties and/or that any such claim, if any, has been waived and abandoned, and my client shall thereafter be at liberty to complete the proposed transaction of sale without any further reference to such claim or objection.

**THE SCHEDULE OF THE PROPERTIES ABOVE REFERRED TO**

ALL THAT pieces and parcels of land situated at Village Amli, Silvassa-I Patelad, Dadra & Nagar Haveli, U.T. of Dadra & Nagar Haveli bearing Survey No. 818/1/38/1 admeasuring 0-58.00 Are and Survey No. 818/1/38/3 admeasuring 0-48.00 Are, more particularly described as under:

| Sr. No. | Village | Survey No. | Area (H-Are-Sq. Mtrs.) | Owner`s Name |
|---|---|---|---|---|
| 1 | Amli | 818/1/38/1 | 0-58-00 | Shantu Hira Patel |
| 2 | Amli | 818/1/38/3 | 0-48-00 | Shantu Hira Patel |
| | | **TOTAL** | **1-06-00** | |

Date : 14/08/2026
Place : Silvassa

**Sd/-**
**Megha P. Parmar**
**(Advocate) Mo.no. 7201040273**
Add.- 1st Floor, Pioneer Hotel Tokarkhada, Silvassa Ut Of DNH & DD - 396230

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૩૧/૨૦૨૬

**અરજદાર : શ્રી સુરજીભાઈ માલજીભાઈ કોહકેરીયા**
**ઉ.આ.વ.પુખ્તવયના ધંધો-ખેતી, રહે.** માલખેત વાડુ ફળિયું, ખત્તલવાડા તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુરજીભાઈ માલજીભાઈ કોહકેરીયા,** રહે. માલખેત વાડુ ફળિયું, ખત્તલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **જેઠી માલજી કોહકેરીયાનું** મરણ તા.૦૪-૦૮-૨૦૦૯ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૧૩૧/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ, તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

---

**No.MAM/KNVL/RBD-DNH/191/2026/1063 Dated: 31/07/2026**

**APPLICANT - SHRI JAYRAM MADHU BHOYA,**
**R/o. Karajgam, Amboli, DNH**
**Mob.: 9601464392/7203041501**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Kherdi.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Jayram Madhu Bhoya, R/o. Karajgam, Amboli, DNH has submitted an application dated 01/07/2026 seeking registration of date of death of his mother namely Kamina Madhu Bhoye D/o. Gulbi Bacchu Powar, who died on 15/08/2023 at Village Parsipada, Karajgam, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Kherdi.

Therefore, the applicant has requested to issue an order to register the death of Kamina Madhu Bhoye, D/o. Gulbi Bacchu Powar.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

---

## -:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે વલસાડ ડીસ્ટ્રીક્ટના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટના વાપી તાલુકાનાં મોજે ''વાપી કસ્બામાં'' મ્યુનીસીપાલીટીની હદમાં આવેલી બીનખેતીની સર્વે નં. ૨૯૬ વાળી મીલ્કત કે જે સીટી સર્વે કચેરીમાં નોંધાયેલી નીચેનાં વર્ણન અને ક્ષેત્રફળવાળી.....

| સીટી સર્વે નં. | ક્ષેત્રફળવાળી ચોરસ મીટર |
|---|---|
| ૬૦/અ | ૪,૩૪૩.૬૯ |

વાળી મીલ્કતમાં બાંધવામાં આવેલ ''શીવ રેસીડેન્સી'' નામનાં ''બી'' બિલ્ડીંગનાં આઠમાં માળે આવેલ ફ્લેટ નંબર - બી/૮૦૨ વાળો ફ્લેટ કે જેનાં સુપર બિલ્ટ - અપ એરીયાનું ક્ષેત્રફળ - ૧,૫૬૨.૦૦ ચોરસ ફુટ યાને ૧૪૫.૧૬ ચોરસ મીટર વાળી મીલ્કતના કાયદેસરના હાલના માલીક નિમિશા નિરજ પટેલ છે. સદરહું મીલ્કત તેઓએ જ્યોત્સના હરીશભાઈ ભેસદડીયા પાસેથી ખરીદ કરેલ, તથા શ્રીમતી જ્યોત્સના હરીશભાઈ ભેસદડીયાએ ઉપરોક્ત મિલ્કત શ્રી કૌશીક કાંતીલાલ જોશી પાસેથી ખરીદ કરેલ, તથા શ્રી કૌશીક કાંતીલાલ જોશીએ ઉપરોક્ત મિલ્કત મે. શીવશક્તી બિલ્ડર્સ નામની ભાગીદારી પેઢી પાસેથી ખરીદ કરેલ, જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મે. વાપીના સબ રજી. સાહેબની કચેરીમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૨૪૦૬થી તા.૧૦/૦૩/૨૦૧૬ના રોજ નોંધાયેલ છે, જે અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમો પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે જેથી મજકુર મીલ્કતમાં કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, સબંધ, દરદાવો હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. તેમ ન થતાં સદરહું મીલ્કતમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, સબંધ દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટીસની મુદત વિત્યે હમો એડવોકેટ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

**નિમિશા નિરજ પટેલના વતી**
**સચિન એમ. ખેતિયા (એડવોકેટ)**
ઓફિસ નં.૨૦૫, ભવ્યા આર્કેડ, આયુષ હોસ્પીટલ પાસે, ને.હા.નં.૮, વાપી, તા.વાપી, જી.વલસાડ
મો. નં. ૯૮૨૫૧ ૨૧૯૭૮

**સહી/-**
**સચિન એમ. ખેતિયા**
**(એડવોકેટ)**

---

**No.MAM/KNVL/RBD-DNH/193/2026/1065 Dated: 31/07/2026**

**APPLICANT - SHRI KISNA ARJUN NADGE,**
**R/o. Akharmal, Chisda, DNH.**
**Mob.: 9601464392/7203051501**

**V/S**

**OPPONENTS - Registrar of Birth & Death, Mandoni.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Kisna Arjun Nadge, R/o. Akharmal, Chisda, DNH has submitted an application dated 20/07/2026 seeking registration of date of death of his mother namely Achalu Arjun Nadge, D/o. Rashmi Ratna Shende, who died on 24/09/1983 at Village Chisda, Akharmal, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Mandoni.

Therefore, the applicant has requested to issue an order to register the death of Achalu Arjun Nadge, D/o. Rashmi Ratna Shende.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

VDC BANK

# ધી વલસાડ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, વલસાડ

વહીવટી કચેરી:-''સહકાર સદન'', કચેરી રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ફોન નં. (૦૨૬૩૨) ૨૪૧૪૨૪, ૨૪૮૭૨૫,૨૨૨૨૨૦

International Year of Cooperatives 2025 Cooperatives Build a Better World

The Valsad District Central Co-operative Bank Limited, Valsad

Administrative Office:- "Sahakar Sadan", Kacheri Road, Valsad-396001. Phone No. (02632) 248725,241424

Email : ceo@vdc.bank.in .website : vdc.bank.in

## સ્વાતંત્ર પર્વ નિમિતે વલસાડ, નવસારી, અને ડાંગ જિલ્લાનાં તમામ નાગરિકોને અઢળક શુભેચ્છાઓ

- બેંક દ્વારા RTGS, NEFT, Internet Banking, Mobile Banking, Rupay Debit Card, Rupay KCC Card IMPS, UPI, BBPS વિગેરે સુવિધા ઉપલબ્ધ કરાવાય છે.
- બેંક દ્વારા બચત થાપણો, રીકરીંગ થાપણો, કાયમી થાપણો, આકર્ષક વ્યાજદરે સ્વીકારવામાં આવે છે.
- રૂા. પાંચ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષિત છે જેનું પ્રિમીયમ બેંક નિયમિત ભરપાઈ કરે છે
- બેંકના તમામ ખાતેદારોને વિમા મુલ્યે રૂા.૧ લાખનું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે.
- ખેડૂતો અને પશુપાલકો માટે KCC, KCC (પશુપાલન)ની ૦ % વ્યાજદરે ધિરાણની સુવિધાઓ
- મુદતી ધિરાણો, સરકારશ્રીની સહાયવાળી બેંકેબલ લોન, કૃષિ સાધનો, યંત્રો, ટ્રેકટર, સોલાર પંપ તથા જમીનના વિકાસ માટેની લોન સુવિધા
- મકાન લોન, વાહન લોનમાં જામીનો વિના આકર્ષક વ્યાજદરથી લોનની સુવિધા.
- ઉચ્ચતર અભ્યાસ માટે લોન, મિલ્કત સામે ધિરાણ, વગેરે તમામ પ્રકારના બિનકૃષિ વિષયક ધિરાણ ઉપલબ્ધ કરાવાય છે.
- ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ, સહકારી સંસ્થાઓના તેમજ અન્ય કર્મચારીઓ, શિક્ષકો વગેરે માટે આકર્ષક સરલ કેશ ક્રેડીટની સુવિધા.
- લોનની પ્રોડકટમાં કોઈપણ છુપા ચાર્જ વિના સરળતાથી લોનની સુવિધા મેળવવા માટે અમારી નજીકની શાખાઓનો સંપર્ક કરો.

ભારત સરકારના 'સહકારથી સમૃધ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા ધી વલસાડ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક કટિબધ્ધ છે.અને બેંક દ્વારા સહકારી સંસ્થાના સભાસદો/ડીપોઝીટરોને ઘર આંગણે માઈક્રો એ.ટી.એમ. દ્વારા ૨૪x૭ બેંકીંગ સુવિધા ૭૩૩ બેંકમિત્ર દ્વારા ઉપલબ્ધ કરાવે છે.

| શ્રી લાલજીભાઈ એસ. પટેલ | શ્રી ગોવિંદભાઈ ટી. પટેલ | શ્રી જયંતિભાઈ યુ. પટેલ |
|---|---|---|
| ચીફ એકઝીકયુટીવ ઓફિસર | વાઈસ ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ | ચેરમેનશ્રી |






# વિશેષ વાંચન

Saturday 15, August 2026
દમણગંગા ટાઇમ્સ

## કારગિલની યુધ્ધ ભૂમિથી યુવાનોના ઘડતર સુધીની અવિરત રાષ્ટ્રસેવાની જયોત જલતી રાખનાર

# સ્વાતંત્ર્ય પર્વે બિલપુડીના આર્મીના નિવૃત્ત કેપ્ટન શંકર ગળવી પ્રેરણારૂપ

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૧૪ :** અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદ કરાવવા અસંખ્ય યુવાનોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. તેમના બલિદાન અને સંઘર્ષના પરિણામે આપણને આ અમૂલ્ય આઝાદી પ્રાપ્ત થઈ. આઝાદી બાદ પણ દેશની સરહદો પર તૈનાત આપણા વીર જવાનો પોતાના પ્રાણોની પરવા કર્યા વિના દેશની રક્ષા કરી રહ્યા છે અને દેશ પ્રત્યેના અતૂટ પ્રેમ તથા રાષ્ટ્રભક્તિનું અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. આજે આપણો દેશ સ્વતંત્રતાનો ૮૦મો પર્વ હર્ષોલ્લાસભેર મનાવી રહ્યો છે ત્યારે નવી પેઢીએ આઝાદીના સાચા મૂલ્યને સમજવું,તેને જાળવી રાખવાની જવાબદારી નિભાવવી અને 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાને પોતાના જીવનમાં ઉતારવી અત્યંત પ્રાસંગિક બની છે.

સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ આજે વાત કરીએ છીએ,વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના બિલપુડી ગામના એક એવા 'રીયલ હીરો'ની જે આર્મીમાંથી કેપ્ટન પદેથી નિવૃત્ત થયા બાદ પણ દેશસેવાનું પોતાનું કાર્ય અવિરતપણે આગળ ધપાવી રહ્યા છે. ધરમપુરના બિલપુડી ગામના ડુંગરપાડા ફળિયામાં રહેતા ૬૩ વર્ષીય શંકરભાઈ ચીમનભાઈ ગવળીનો જન્મ સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો. બાળપણથી જ દેશપ્રેમની ભાવના પ્રબળ હતી.દેશની સેવા કરવાની તીવ્ર ઈચ્છા હોવાથી તેઓ આર્મીમાં જોડાવા માટે પ્રયત્નશીલ હતા. તેમના જ ગામમાં રહેતા નિવૃત્ત એરફોર્સ અધિકારી સ્વ.દિનકરભાઈ પટેલે તેમને આર્મીમાં જોડાવા માટે પ્રોત્સાહન આપ્યું અને માર્ગદર્શન પૂરું પાડ્યું. જેથી શંકરભાઈ વર્ષ ૧૯૮૦માં ગોધરા ખાતે આર્મીની ભરતીમાં ગયા. ભરતી સ્થળે








યુવાનોની એટલી લાંબી લાઈન હતી કે, શંકરભાઈનો નંબર છેક બીજા દિવસે આવ્યો. તેમની ફિઝિકલ ટેસ્ટ, રિટન ટેસ્ટ અને મેડિકલ ટેસ્ટ એક જ દિવસમાં પૂર્ણ થઈ અને ત્યારબાદ સૈનિક તરીકે તેમની આર્મીમાં પસંદગી થઈ. અહીંથી શરૂ થયેલી તેમની રાષ્ટ્રસેવાની સફર ૩૩.૫ વર્ષ સુધી ચાલી. આર્મીની સેવા દરમિયાન તેમણે મેડિકલ વિભાગમાં વહીવટી કામગીરીની જવાબદારી પણ સુપેરે નિભાવી હતી. વર્ષ ૨૦૧૩માં તેઓ કેપ્ટન પદેથી નિવૃત્ત થયા પરંતુ આજે પણ યુવા પેઢીને દેશસેવાનો પાઠ ભણાવી રહ્યા છે.

સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે ભારતીય આર્મી સાથે જોડાયેલી પોતાની યાદો વાગોળતાં શંકરભાઈ જણાવે છે કે,તેમનું પ્રથમ પોસ્ટિંગ સિક્કિમમાં થયું હતું. બરફથી આચ્છાદિત વિસ્તારમાં માઈનસ ડિગ્રી તાપમાન વચ્ચે ફરજ બજાવવી પડકારજનક અનુભવ હતો. ત્યારબાદ મધ્યપ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિતના વિવિધ સ્થળોએ ફરજ બજાવી હતી. પરંતુ તેમના સૈન્ય જીવનની સૌથી યાદગાર અને આજે પણ યાદ કરતાં રૂંવાટા ઊભા કરી દે તેવી ફરજ શ્રીલંકાની હતી. વર્ષ ૧૯૮૭માં શ્રીલંકામાં LTTE સામે સંઘર્ષ ચાલી રહ્યો હતો. શ્રીલંકામાં વસતા તમિલોની સુરક્ષા માટે ભારત સરકારે ભારતીય જવાનોને શાંતિ સેના તરીકે શ્રીલંકા મોકલ્યા હતા. શંકરભાઈ પણ આ શાંતિ સેનાનો હિસ્સો બની અજાણ્યા દેશમાં અત્યંત કઠિન અને જોખમી પરિસ્થિતિમાં ફરજ બજાવવા પહોંચ્યા હતા. બે પહાડોની વચ્ચે ફરજ બજાવી રહ્યા હતા ત્યારે તેમની કંપની પર ગોળીબાર અને ભારે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં મોટી સંખ્યામાં ભારતીય જવાનો ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે પુણેની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એ સમયની યાદો આજે પણ શંકરભાઈના મનમાં તાજી છે. શંકરભાઈના જીવનના સૌથી યાદગાર અધ્યાય અને દરેક ભારતીય માટે ગર્વનો વિષય એવા કારગિલ યુદ્ધ એટલે કે 'ઓપરેશન વિજય'ની વાત આવે ત્યારે તેમના ચહેરા પર આજે પણ એ દિવસોની ગંભીરતા જોવા મળે છે. કારગિલ યુદ્ધ પહેલાં તેઓ કારગિલથી આશરે ૨૦૦ કિલોમીટર દૂર નૌશેરા સેક્ટરમાં ફરજ બજાવતા હતા. કારગિલ યુદ્ધ શરૂ થતાં તેમને કાઉન્ટર ઈન્સર્જન્સી ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. યુદ્ધના મોરચાથી માંડ ૨૦ કિલોમીટર દૂર તેમનું એડવાન્સ ડ્રેસિંગ સ્ટેશન હતું. ચારેય તરફથી ગોળીબાર વચ્ચે દરેક ક્ષણ અનિશ્ચિત હતી. કઈ દિશામાંથી ક્યારે ગોળી આવી શરીરને વીંધી જાય તેની કોઈ ખાતરી ન હતી તેમ છતાં પીછેહઠ કરવાનો સવાલ જ ન હતો. જરૂર પડે ત્યારે બંકરમાં આશરો લેવાતો,પરંતુ ફરજના મોરચે હિંમત ક્યારેય ડગમગી ન હતી. લગભગ ૮૪ દિવસ સુધી ભય, જોખમ અને સતત હુમલાઓ વચ્ચે ભારતીય જવાનોએ અદમ્ય હિંમત સાથે દુશ્મનનો સામનો કર્યો અને અંતે ઐતિહાસિક વિજય મેળવ્યો. ભારતના આ ઐતિહાસિક વિજયની યાદમાં આજે પણ દર વર્ષે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવે છે. કારગિલ યુદ્ધ દરમિયાન પોતાની ફરજ અને યોગદાન બદલ શંકરભાઈને મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી તેમજ ભારતના 'મિસાઈલ મેન' તરીકે જાણીતા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### નિવૃત્તિ બાદ પણ રાષ્ટ્રસેવા યથાવત : ૧૧૩ યુવાનોને દેશસેવામાં જોડ્યા

શંકરભાઈ માટે આર્મીમાંથી નિવૃત્તિનો અર્થ દેશસેવાનો અંત ન હતો. નિવૃત્તિ બાદ પણ દેશસેવાનું કાર્ય ચાલુ રાખવાના સંકલ્પ સાથે તેઓ સ્વ.દિનકરભાઈ પટેલે દશેરાપાટી ખાતે શરૂ કરેલી મિલિટરી ટ્રેનિંગ એકેડેમી સાથે જોડાયા. નિવૃત્ત આર્મી જવાનો દીપક પટેલ,ગોવિંદ પટેલ અને સુરેશ પટેલ સાથે મળીને તેમણે આદિવાસી વિસ્તારના યુવાનોને આર્મી, BSF, CISF, પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ભરતી માટે તૈયાર કરવાનું બીડું ઝડપ્યું. તેમના આ યોગદાનને વધુ વિશેષ બનાવતી બાબત એ છે કે, યુવાનોને આપવામાં આવતી આ તાલીમ સંપૂર્ણપણે નિઃશુલ્ક હતી. તેમનો હેતુ લાયક અને મહેનતુ યુવાનોને સશસ્ત્ર દળો તથા અન્ય સરકારી સેવાઓમાં જોડાવા માટે જરૂરી માર્ગદર્શન, શિસ્ત અને તાલીમ પૂરી પાડવાનો હતો. એકેડેમીમાં યુવાનોને દરરોજ સવારે દોઢ કલાક ફિઝિકલ ટ્રેનિંગ, ત્યારબાદ એક કલાક થિયરી અને ટેસ્ટની તૈયારી કરાવવામાં આવે છે. અહીં તાલીમ મેળવનારા અનેક યુવાનો સરકારી નોકરી મેળવવામાં સફળ થયા છે. શંકરભાઈ ગર્વભેર જણાવે છે કે,અત્યાર સુધીમાં કુલ ૧૧૩ યુવાનો સરકારી સેવામાં જોડાઈ ચૂક્યા છે.તેમના માટે આ ૧૧૩ યુવાનો માત્ર એક આંકડો નથી; પરંતુ ૧૧૩ પરિવારોના સપનાઓ છે, જેમને દેશસેવાની તક મળી છે.

### મારી સૌથી મોટી ખુશી એ છે કે, યુવાનો દેશસેવા માટે આગળ આવે


આજે સ્વાતંત્ર્ય પર્વે શંકરભાઈની પોતાના મનની વાત જણાવતા કહે કે, નવી પેઢીમાં દેશપ્રેમની ભાવના વધુ મજબૂત બને અને વધુને વધુ યુવાનો દેશસેવા માટે આગળ આવે એ જરૂરી છે. તેમનું માનવું છે કે, આઝાદી આપણને સહેલાઈથી મળી નથી. અસંખ્ય વીરોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે અને તેમના ત્યાગના કારણે જ આજે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ. તેથી આઝાદીની કિંમત સમજવી અને દેશ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવી એ દરેક નાગરિકની જવાબદારી છે. રાષ્ટ્ર સેવાની આ સફરમાં તેઓ સંદેશ આપે છે કે, સૈનિક સેવામાંથી નિવૃત્ત થઈ શકે, પરંતુ સાચા સૈનિકના હૃદયમાંથી દેશસેવાની ભાવના ક્યારેય નિવૃત્ત થતી નથી.

# અટલ બિહારી વાજપેયી

## એક વિલક્ષણ નેતા - એક લાક્ષણિક વ્યક્તિત્વ

[નવમી પુણ્યતિથિ : ૧૬ ઑગસ્ટ]

ભાગ્યેન્દ્ર પટેલ
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)



આપણા દેશના રાજકારણના ઈતિહાસમાં એવા અનેક નેતાઓ થઈ ગયા કે જે પોતાના સમયકાળમાં પોતાની આગવી છાપ છોડી ગયા હોય. અટલ બિહારી વાજપેયી આવા જ એક વિરલ વ્યક્તિત્વ હતા. તેઓ હૃદયથી કવિ, જાહેર જીવનમાં પ્રભાવશાળી વક્તા અને ભીતરના સ્વભાવે એક અત્યંત સંવેદનશીલ માનવી હતા. એક નેતા રૂપે તેઓ લોકશાહી મૂલ્યો અને તેની અસ્મિતામાં ઊંડી શ્રદ્ધા ધરાવતા હતા. એ થકી તેમની રાજકીય યાત્રાએ ભારતીય લોકશાહીને એક આગવી ઊંચાઈ આપી.

અટલજી પોતાના સમગ્ર જીવન દરમિયાન રાજકારણને સત્તાનું સાધન નહીં બલ્કે સેવાની સાધના તરીકે જોતા રહ્યા ને નિભાવતા રહ્યા. રાજકારણને તેઓ વિચારો, સિદ્ધાંતો અને રાષ્ટ્રહિત સાથે જોડાયેલી એક ગંભીર જવાબદારી માનતા હતા. તેઓ પોતાના વિચારો અને સિદ્ધાંતો પ્રત્યે તેઓ મક્કમ હતા, પરંતુ રાજકીય વિરોધીઓ પ્રત્યે કડી કડવાશ રાખતા ન હતા. સંસદમાં તેમનું ભાષણ સાંભળવું એ એક આગવો અનુભવ બની રહેતો. તેમની વાણીમાં શબ્દો માત્ર દલીલો બનીને નહીં પરંતુ તેમાં સંવેદના, વિનોદ, વ્યંગ્ય અને ગંભીરતાનું અદ્ભુત સંયોજન અને સંતુલન જોવા મળતું. તેમની બુલંદ વાણીમાં સમગ્ર સંસદની ભવ્યતા વિશેષ શોભાયમાન થઈ જતી. તેમની વાણીમાં એવી સહજતા કે રાજકીય રીતે તેમની સાથે અસંમત હોય એ વ્યક્તિ પણ તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા વિના રહી ન શકતા. તેમની વક્તૃત્વકળા ભારતીય રાજકારણનો એક અનોખો વારસો છે. તેઓ માત્ર ભાષણ આપવા માટે નહીં પણ સંવાદ કરવા માટે બોલતા હતા. તેમના વાક્-પ્રવાહમાં એક વિશિષ્ટ ઠહેરાવ રહેતો અને વચ્ચે વચ્ચે તેઓ જે અર્થસભર વિરામ લેતા, તે તેમની અદ્વિતીય વાક્શૈલીની આગવી ઓળખ બની ગઈ હતી. તેમના મૌન અને વિરામનું પણ પોતાનું એક અર્થઘટન હતું. ઘણી વખત વાક્ય પૂર્ણ થાય તે પહેલાં જ તેમના શબ્દો શ્રોતાઓને વિચારવા માટે પ્રેરિત કરી દેતા. તેમની ભાષામાં સાહિત્યનો સંસ્કાર હતો. જ્યારે કોઈ કવિ રાજનીતિમાં આવે છે ત્યારે તેની દૃષ્ટિ માત્ર ઘટનાઓ પૂરતી સીમિત રહેતી નથી; તે ઘટનાઓની પાછળ રહેલા માનવીને પણ જોઈ શકે છે. કદાચ આ જ કારણ હતું કે અટલજીની રાજનીતિમાં સંવેદનશીલતાનું એવું વિશિષ્ટ પાસું જોવા મળતું હતું, જે તેમને તેમના સમયના અન્ય અનેક નેતાઓથી અલગ પાડતું હતું.

તેમની રાજકીય યાત્રા પણ એટલી જ અસાધારણ હતી. ભારતના વડાપ્રધાન તરીકે તેમણે ભારતીય રાજનીતિના અનેક મહત્વપૂર્ણ અધ્યાયોને જોયા અને ઘડ્યા. તે પહેલાં તેઓ લાંબા સમય સુધી વિપક્ષમાં રહ્યા હતા, પરંતુ વિપક્ષમાં રહીને પણ તેમણે લોકશાહી સંસ્થાઓ અને સંસદીય પરંપરાઓ પ્રત્યેનું સન્માન જાળવી રાખ્યું. વડાપ્રધાન બન્યા પછી પણ તેમનું વ્યક્તિત્વ માત્ર પોતાની પાર્ટી પૂરતું સીમિત રહ્યું નહોતું. ગઠબંધનની રાજનીતિના પડકારજનક સમયમાં તેમણે અનેક રાજકીય પક્ષોને સાથે લઈને સરકાર ચલાવી અને સાબિત કર્યું કે વિવિધતાઓથી ભરેલા ભારત જેવા દેશમાં સંવાદ, સમાધાન અને સર્વસંમતિ પર આધારિત રાજનીતિ પણ અસરકારક રીતે ચાલી શકે છે. તેઓ દૃઢતા અને સંવેદના, રાષ્ટ્રહિત અને સંવાદ, વિચાર અને વ્યવહાર વચ્ચે સંતુલન સ્થાપનારા નેતા હતા. તેઓ સમજતા હતા કે રાજકારણમાં મતભેદ સ્વાભાવિક છે, પરંતુ મનભેદ લોકશાહી માટે નુકસાનકારક બની શકે છે. આ જ કારણથી રાજકીય મતભેદો વચ્ચે પણ વ્યક્તિગત સંબંધો જાળવી રાખવાની તેમનામાં અદ્ભુત ક્ષમતા હતી. તેથી જ તેમના અનેક રાજકીય વિરોધીઓ પણ તેમનું દિલથી સન્માન કરતા હતા.

અટલજીના વ્યક્તિત્વનું બીજું એક મહત્વપૂર્ણ પાસું હતું—તેમની સાહિત્યિક ચેતના. તેમની અંદર રહેલો કવિ ક્યારેય રાજનેતા પર આરૂઢ થયો નહીં, પરંતુ રાજનેતાથી ક્યારેય અલગ પણ થયો નહીં. તેમની કવિતામાં સંઘર્ષ, આશા અને નિરાશાની ક્ષણો પણ છે અને આગળ વધવાનો સંકલ્પ પણ. કદાચ રાજનીતિની કઠોર અને વ્યવહારુ દુનિયામાં પણ તેમની અંદરનો કવિ તેમને તેમની મૂળ માનવતા સાથે જોડાયેલ રાખતો હતો. સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી પણ તેમની ભાષા અને વ્યવહારમાં માનવીય સ્પર્શ કાયમ જળવાઈ રહ્યો હતો. તેમનું વ્યક્તિત્વ એટલા માટે પણ વિશિષ્ટ હતું કે તેઓ જાહેર જીવનમાં ગરિમાના મહત્વને સમજતા હતા. આજે જ્યારે રાજકીય સંવાદ ઘણી વખત વ્યક્તિગત આક્ષેપો અને કડવાશમાં પરિવર્તિત થઈ જાય છે, ત્યારે તેમની રાજકીય શૈલી વધુને વધુ પ્રસ્તુત લાગે છે. તેઓ પોતાના વિરોધીઓનો વિરોધ કરી શકતા હતા, તીખી ટિપ્પણી કરી શકતા હતા અને સરકારની આકરી ટીકા પણ કરી શકતા હતા, પરંતુ ભાષાની મર્યાદા ક્યારેય છોડતા નહોતા. તેમના માટે રાજકીય વિરોધી શત્રુ નહોતો. લોકશાહીમાં તે માત્ર અલગ મત ધરાવતી વ્યક્તિ હતી. આ તફાવત અત્યંત મહત્વનો છે અને આજના રાજકીય પરિપ્રેક્ષ્યમાં તેને સમજવો વિશેષ જરૂરી લાગે છે.

ભારતના વડાપ્રધાન તરીકે તેમણે દેશના રાજકારણને એવી આગવી શૈલી આપી કે જેમાં વિચાર સાથે વિનમ્રતા, શક્તિ સાથે સંવેદના, મતભેદ સાથે સન્માન અને રાજનીતિ સાથે કવિતાનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો. તેઓ પોતાના સમયના નેતા હતા, પરંતુ તેમનું વ્યક્તિત્વ તેમના સમયની સીમાઓથી ઘણું આગળ વિસ્તરેલું હતું. કોઈ નેતાની સાચી ઓળખ માત્ર તેણે ધારણ કરેલા પદથી નક્કી થતી નથી; પરંતુ તેના વિદાય બાદ સમાજમાં જીવંત રહેતી સ્મૃતિથી થાય છે.

અટલજી આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમનો અવાજ, તેમની કવિતાઓ, તેમનાં સંસદીય ભાષણો, તેમની રાજકીય શૈલી અને તેમનું સહજ માનવીય વ્યક્તિત્વ આજે પણ ભારતીય જાહેર જીવનમાં એક સંદર્ભબિંદુ તરીકે ઉપસ્થિત છે. તેઓ ભારતીય લોકશાહીની એવી પરંપરાના પ્રતિનિધિ હતા, જેમાં રાજનીતિ માત્ર સત્તા મેળવવાની સ્પર્ધા નહોતી, પરંતુ રાષ્ટ્રનિર્માણનું એક સશક્ત માધ્યમ પણ હતી. એક વિલક્ષણ નેતા અને સંવેદનશીલ માનવી તરીકે તેમણે ભારતીય રાજકારણને ઉચ્ચતમ ગરિમા અને એક આગવી ઓળખ પણ આપી.

# આજે મારો ઉપવાસ છે..!

કોઈપણ ચમરબંધીની તાકાત નહી કે, ગુજરાતી મહિનાઓને ઉલટ-સુલટ કરી શકે. ઋતુઓ સિવાય આ હક્ક કોઈને નથી. ઋતુઓ એવી બેફામ કે, ધારે તો દિવાળીમાં વરસાદ લાવી શકે, ઉનાળામાં બરફના કરા પાડી શકે, દરિયાના પાણીને ઘરના દર્શન કરાવી શકે, તહેવારોની પથારી ફેરવી શકે, ને લગન સીઝનમાં વરરાજા જેવા રાજાને પણ પિલ્લેલા મરઘા જેવો બનાવી શકે..! શરમ નહિ..! સારું છે કે, ગુજરાતી તહેવારો ગુજરાતી મીડીયમ છોડીને, અંગ્રેજી મીડીયમમાં જવા પાટલી બદલતા નથી. નહિ તો, નાગ પંચમી Snake-five, રાંધણ છઠ cooking-six, અને શીતળા સાતમ smallpox-seven બની ગઈ હોત. Cooking-six માં પીઝા-બર્ગર-મેગી-મન્ચુરીયમના તપેલા ચઢ્યા હોત તે અલગ.! આવા તહેવારોએ ગુજરાતી મહિનાને સાચવી રાખ્યો છે. ચમનીયો મને કહે, 'રમશા...! ગુજરાતી મહિનાને ચિરંજીવ રાખવા મારી પાસે એક સોલ્લીડ આઈડિયા છે. જે બાળકનો જનમ જે ગુજરાતી મહિનામાં થાય, એ ગુજરાતી મહિનાને સાંકળીને જ બાળકનું નામ પાડવાનું. જેમ કે, કારતકકુમાર, માગસરદાસ, પોષીબેન, ફાગણકુમાર, મેઘાવીબેન, ચૈતરભાઈ, જેઠાભાઈ, જેઠીબેન, માહીબેન વગેરે વગેરે..! કોઈ ધોળિયાના મલકમાં વસવા જાય તો ધોળિયા પણ જ્ઞાત થઈ જાય કે, બંદો ફલાણા ગુજરાતી મહિનામાં જન્મ્યો હોવો જોઈએ. સાલું, એક વાત મને મને હજી સમજાતી નથી કે, એક મહિનાનું નામ 'જેઠ' શી રીતે પડ્યું હશે..? શું એ મહિનામાં જેઠ-જેઠાણીનાં સંમેલન થતા હશે.? આ તો એક વાત ..!

કોઈપણ મહિનો ઉપાડો, એમાં એકાદ-બે તહેવારો તો ભેરવાયેલા જ હોય. કોઈ લગનથી વિખ્યાત, કોઈ ખેતીકામથી વિખ્યાત, કોઈ વેકેશનથી વિખ્યાત, કોઈ શ્રાદ્ધથી વિખ્યાત, કોઈ હિસાબથી વિખ્યાત, કોઈ વરસાદથી વિખ્યાત, કોઈ ભાદરવાના ભીંડાથી વિખ્યાત, કોઈ ગરબાથી વિખ્યાત, તો કોઈ પતંગથી વિખ્યાત..! એમાં શ્રાવણ મહિનો એટલે હોલસેલ તહેવારો અને ઉપવાસથી વિખ્યાત..! લોકોના ચેહરા બદલાય જાય. શ્રાવણ આવે એટલે, ભીતરમાં સંઘરીને બેઠેલા રાવણ પલાયન થવા માંડે. કપાળનું રંગરોગાન થવા માંડે, જીન્સની જગ્યાએ પીતાંબર ચઢવા માંડે, ગાળ બોલતા હોય તો, તેની જગ્યાએ 'ઓમ નમઃ શિવાય' આવી જાય, મંદીમાં ફસાયેલા મંદિરો ભગતોથી ઉભરાવા માંડે, કોઈ પૂછે કે કેમ આજે મંદિરમાં..? તો કહે, 'હવે મારે શ્રાવણનો ઉપવાસ છે..!' એના કપાળમાં કાંદા ફોડું..!

ઉપવાસ તો માણસે રાખવા જ જોઈએ. ઉપવાસના રીટર્ન ભરતા નથી, એટલે અત્યાર સુધીમાં કેટલા ઉપવાસ કર્યા એનો રેકોર્ડ નોંધાતો નથી. એટલે વધ્યા-ઘટ્યા ઉપવાસ શ્રાવણમાં સરભર થાય.





જેણે બારેમાસ 'ખાધ-વાસ' ભોગવ્યો હોય, એને ઉપવાસ આકરા તો પડે, પણ ઉપર-વાસનું પણ વિચારવું પડે ને..? ઉપરવાસમાં સ્વર્ગ અને નરકની બે ફેકલ્ટી હોવાથી, કરેલા ઉપવાસ પ્રમાણે જેતે ફેકલ્ટીમાં એડમીશન મળે. દાદૂ ઉપવાસનો સંકલ્પ કરવો તો સરળ છે. બાકી પાર પાડવાનો આવે ત્યારે ફેંએએએએ...પણ થઇ જવાય. ભૂખ એવી ઉઘડે કે, દીવાલે ટાંગેલુ ઘડિયાળ પણ ડોળા કાઢતું લાગે. પેટમાં આતંકવાદી ઘુસીને આતંક મચાવતા હોય એવું લાગે. આખું વર્ષ ભલે પેટને Air bag ની માફક ઊંચકીને ચાલ્યા હોય, પણ ઉપવાસ કરે ત્યારે જ ખબર પડે કે, પેટનો પ્રદેશ શરીરમાં કયા સ્થળે આવેલો છે..! ઉપવાસમાં શું ખવાય, શું નહિ ખવાય એનું ચિંતન કરતો થઈ જાય. જાતે જ નક્કી કરવા માંડે કે, 'ચા તો ચાલે, એ તો પ્રવાહી કહેવાય, અન્ન થોડું છે?' ચા સાથે બિસ્કીટ પડી હોય ત્યારે, મન કહે 'લઈ લે...લઈ લે, બિસ્કીટ તો ફરાળી કહેવાય..!' ઝવેરી હીરો ચકાસતો હોય એમ, બિસ્કીટ ઉપાડીને દાનતમાં ગાબડું પાડવાની ઈચ્છા તો થાય, પણ અંદરથી માંહ્યલો ના પાડે કે, 'અડતો જ નહિ, આજે તારો ઉપવાસ છે..!' ઉપવાસ કરવો એટલે 'નીટ' પરીક્ષા જેવું..! નીટમાં પેપર ફૂટે, ઉપવાસમાં ઉપવાસીનું નસીબ ફૂટે..! તમામ વાત સાચી કે, ભારતના સંતો-ઋષીઓ તપસ્વી હતા, પણ ફરાળમાં તેમણે શું લીધેલું, તેની કોઈ માહિતી ચોપડામાં નહિ હોવાથી, ઉપવાસી ગુંચવાય જાય યાર..! ઉપવાસ રાખવા એ ખાવાના ખેલ ભલે ના હોય, પણ ભૂખે મરવાના ખેલ તો ખરા..! વળી, ઉપવાસનો આરંભ ભવ્યાતિભવ્ય હોય. 'ઉપવાસ' નો એવો આદર કરે કે, શરુ શરૂમાં તો સિંહ જેવી ખુમારી રાખે. અહમ તપસ્વી, અહમ મહાત્મા ગાંધી, અહમ અન્ના હજારેનો આથો આવી જાય. પણજેવા ઘડીયાળના કાંટા ઊંચા ચઢવા માંડે, એટલે પેટમાં કુરકુરિયા ફૂટબોલ રમતા થઇ જાય. છપ્પનની છાતી સંકોચાવા માંડે. પેટ [illegible] હોય તો, પેટને શોધવા માટે, GPRS નો સહારો લેવો પડે..! રાત પડે ત્યાં સુધીમાં તો આખું રસોડું ફરાળી કરી નાંખે. અને ફરાળ નહિ મળ્યો તો, ઉપવાસ 'ભમ્મ્મ્મ' પણ થઇ જાય. ફં ગેરંટી...!

અમારા ચમનીયાને પણ આ વખતે શ્રાવણ માસમાં ઉપવાસ રાખવાનો ઉજમ આવ્યો. જો કે, ઉપવાસ રાખે તે સારું જ કહેવાય. પણ ઉપવાસ કરીને પજવે ત્યારે તો ભાદરવો જ સારો લાગે. ધ્રુજારી એ વાતે છૂટે કે, શ્રાવણ સિવાયના તમામ મહિનામાં દીવ-દમણ, આબુ, ને ચોથું ઘરનું ધાબુંનું રજવાડું ભોગવ્યું હોય, એવાની તો હાલત બગડી જાય. ઘરના પણ દરેક ટેન્શનમાં આવી જાય કે, આનો શ્રાવણ સહન કેમનો કરીશું..? ઉપવાસના માર્ગેથી પાછો વાળવા, દમ તો ઘણાએ આપ્યો. પણ હઠે ચઢેલો જીવ હેઠો પડ્યો નહિ. જો કે, ઈતિહાસ સાક્ષી છે કે, જીદ્દી સ્વભાવના માણસો બહુ હોનહાર હોય. આઝાદી મેળવવા મહાત્મા ગાંધીજી પણ કેવા જીદે ચઢેલા? માર્ચ ૧૯૩૦માં સાબરમતી આશ્રમ છોડતી વખતે કહેલું જ ને કે, કાગડા-કુતરાના મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો પગ મૂકવાનો નથી.' જીદ એટલે જીદ..! એક 'લેટેસ્ટ' સાધુએ તો ચમનીયાને દમ પણ આપ્યો કે, 'ફળને બદલે ફળની છાલ ઉપર રહેવાનો હોય તો જ ઉપવાસ રાખજે..!' તેને પણ ચોપડાવી દીધું કે, કેળા સફરજનની તો ઠીક, 'નાળીયેરની છાલ ઉપર રહેવું પડે તો પણ રહીશ, પણ શ્રાવણનો ઉપવાસ તો હું રાખીશ જ..! એવો કઠણ કલેજાનો.! 'ફાઆઆટુ' ખરો, પણ મગજનો ખાઆઆટુ..! શરીરને એક મહિનાનો શ્રાવણનો 'જીએસટી' લાગ્યો હોય એમ, દાઢી મુછ વધારીને, બંદાએ 'ભજ મન નારાયણ' ના પાઠ શરુ કરી દીધા. સવારથી ફરાળી 'ખાધ'નું મેનુ ઘડવા માંડે. ચંચીને કહે, મારા માટે રસોઈમાં બહુ માથાકૂટ નહિ કરવાની. એકાદ તપેલી સાબુદાણાની ખીચડી, ચાર-પાંચ રાજગરાની પૂરી, બટાકાની સૂકી ભાજી, ફરાળી ચેવડો અને ઉપરથી થોડું શ્રીખંડ પણ ચલાવી લઈશ. મારી વ્યાધી કરતી નહિ..! અને રોજ કરતા વધારે ફરાળી વાનગીઓનું પ્રદર્શન ગોઠવીને બેઠો હોય ત્યારે, ભગવાન પણ અચંબામાં પડી જાય કે, આ બૂચાએ મારી ભક્તિ માટે ઉપવાસ કર્યો છે કે, પછી પેટનો ખાડો પુરવાની મથામણ કરે છે? એક બાજુ સિંગદાણા શેકાતા હોય, બટાકા રંધાવાને બદલે બફાતા હોય, બાજરાને બદલે રાજગરો શેકાતો હોય, સિંગોડાના શીરાની સુંગધમાં રસોડું લપેટાયું હોય, ત્યારે રસોડાને પણ એમ થાય કે, ક્યારેક અમારે પણ ઉપવાસ કરવાના દિન આવતા હોય તો..? ઉપવાસ હોય તો અમને પણ ઉપર-વાસીનું સ્મરણ કરવાનું તો મળે..! ઉપવાસીનો આખો રૂઆબ જ બદલાય જાય મામૂ..! એને ઉપવાસ કહેવાય કે ઉપહાસ એ તમે જાણો .! મને તો એટલી ખબર પડે કે, ઉપવાસી આડો ફાટ્યો તો રાવણ અંદર આવે ને શ્રાવણ બહાર નીકળી જાય..!

**લાસ્ટ બોલ**

અમારા શ્રીશ્રી ભગા જેવો શિવ ભક્ત મેં હજી સુધી જોયો નથી. શ્રાવણ બેસે એટલે મંદિરમાં જઈને શિવ ભક્તિ તો કરે, પણ શ્રાવણ ઉતરે ત્યાં સુધી ગામમાં જેટલા શંકરભાઈ હોય, એને પણ પગે લાગી આવે, ને એની પણ પૂજા કરતો આવે...! એને ખરો ભગત કહેવાય..! એના કપાળમાં કાંદા ફોડું...!

# માનસિક સ્વતંત્રતા કે આઝાદી



પ્રાસંગિક
ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

અંગ્રેજોના આધિપત્યમાંથી ૧૯૪૭ માં આઝાદી મેળવીને આપણે ૮૦ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા તૈયાર છીએ. વિશાળ અર્થમાં આઝાદી ફક્ત દેશની નથી પરંતુ માનસિક સ્વતંત્રતાની પણ છે. અભિવ્યક્તિ અને સમાનતાની આઝાદી મળી છે તેની સાથે આપણે માનસિક રીતે પણ આઝાદ થયા છે કે કેમ એ પ્રશ્ન વિચારવો રહ્યો ! ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે જણાવ્યું હતું કે વૈચારિક સ્વતંત્રતા એ જ વાસ્તવિક સ્વતંત્રતા છે. આપણે માનસિક રીતે ખરેખર મુક્ત થયા છે કે કેમ ? આઝાદી મેળવ્યા પછી માનસિક ગુલામીમાંથી માનસિક આઝાદી મેળવવી એ સાચી આઝાદી છે. આપણે આઝાદ દેશમાં શ્વાસ લઈ રહ્યા છે પરંતુ માનસિક સ્વતંત્રતાનો અભાવ નજરે પડે છે. માનસિક ગુલામીવાળી આઝાદીનો કોઈ મતલબ નથી. ખોટું સહન કરીને પણ ચૂપ બેસી રહેવું પડે એ માનસિક ગુલામી જ છે. આપણે સ્વતંત્રતાના સ્થૂળ અર્થ એવો કરીએ છીએ કે જે પરતંત્ર નથી તે સ્વતંત્ર છે. આઝાદી વ્યક્તિનો જન્મ સિદ્ધ અધિકાર છે એમ કહેવામાં આવે છે પરંતુ આ સ્ટેટમેન્ટ મને અપૂર્ણ લાગે છે. માનસિક આઝાદી વ્યક્તિના જન્મસિદ્ધ અધિકાર છે એમ કહેવું જોઈએ. જો વ્યક્તિ માનસિક રીતે આઝાદ હશે તો એની પોઝિટિવ અસર માનસિક સ્વાસ્થ્ય ઉપર પણ પડશે. માનસિક રીતે ગુલામ માણસ આત્મનિર્ભર બની શકતો નથી આવી વ્યક્તિ સતત અસુરક્ષાની લાગણી અનુભવે છે એટલું જ નહીં પોતાની ઓળખ કે આઈડેન્ટિટી પણ ગુમાવી દે છે. સામાજિક દબાણમાં રહીને જીવતા લોકો માનસિક રીતે આઝાદ કહી શકાય નહીં. માત્ર રાજકીય આઝાદી નહીં પરંતુ માનસિક આઝાદી એ જ સાચા અર્થમાં આઝાદી છે. આપણે સૌ માનસિક રીતે પછાત હોઈએ તો તેનો અર્થ એવો થાય છે કે આપણે માનસિક આઝાદી મેળવી નથી. આઝાદીની સાથે સાથે પ્રજાના મનને શાંતિ પણ મળવી જોઈએ. આઝાદ થયા પછી પણ જો પ્રજા સરકારની મહેરબાની પર જીવતી હોય તો એ સાચી આઝાદી નથી.

આપણે દેશને આઝાદી મળ્યા પછી પણ શ્રીમંત અને ગરીબો વચ્ચેની ખાઈ પૂરી શક્યા નથી. ભારત આઝાદ થયાને ૭૯ વર્ષ પૂરા થઈ ગયા છે તેમ છતાં પણ આપણે માનસિક રીતે આઝાદ થઈ શકતા નથી એ કડવી વાસ્તવિકતા છે. દેશના અનેક લોકો માનસિક ગુલામીમાં યંત્રવત જીવન જીવી રહ્યા છે. જ્યાં સુધી માનસિક આઝાદી નહીં હોય ત્યાં સુધી જીવવાની મજા આવતી નથી. આઝાદી એટલે એવું નથી કે મનમાં આવે તે કંઈ પણ કરી શકાય ! આઝાદી સ્વચ્છંદતામાં પરિવર્તિત થવી જોઈએ નહીં. આઝાદ ભારતના લોકોને આઝાદી બોજારૂપ કે ભારરૂપ લાગે અને એના કરતાં તો અંગ્રેજો સારા હતા એવું સાંભળવા મળે તો એને સાચી આઝાદી કહી શકાય નહીં.

# તારાં નાના બાળ



**વીણેલા ફૂલ** - આશા વીરેન્દ્ર - વલસાડ

મુન્ની અને બંટીની મા રેખા ઉંદરના ઉપદ્રવથી ખૂબ કંટાળી હતી. એક દિવસ સુકાઈ ગયેલાં કપડાંની ઘડી કરતાં કરતાં એણે પોતાની પડોશણ સીમાને કહ્યું, 'દેશમાં ભલે સરકારનું રાજ ચાલતું હોય, મારા ઘરમાં તો ઉંદરોનું રાજ ચાલે છે. ચોપડાં, કપડાં કે ખાવા-પીવાની ચીજો - કશું સાબૂત બચે જ નહીં. ચારે બાજુથી કોતરી-કોતરીને બધું ખલાસ કરી નાખે. શું કરવું કંઈ સમજાતું નથી.'

'એમ તો દેશમાં પણ એવું જ ચાલે છે. સરકાર પણ આપણાં ખીસાં કાતરે જ છે ને !' સીમાએ હસીને કહ્યું ને પછી ઉમેર્યું, 'એક કામ કરો રેખાબહેન ! એક બિલાડી પાળી લો તો તમારે નિરાંત થઈ જશે.'

બસ, તે દિવસથી આ ઘરમાં નાનકડી પૂસીની પધરામણી થઈ. જો કે, હવે કંઈ એ નાનકડી નહોતી રહી. ખાઈ-પીને અલમસ્ત ને ગોળમટોળ થઈ ગઈ હતી. કોઈ ઉંદરની મજાલ નહોતી કે આ ઘરમાં ફરકે. નાનો કે મોટો કોઈ પણ ઉંદર એની તીક્ષ્ણ નજરમાંથી છટકી ન શકે. મુન્ની છ વર્ષની અને બંટી આઠનો. બંને ભાઈ-બહેનનો તો જાણે જીવ પૂસીમાં સમાયેલો હતો. ને પૂસીને ય બંનેની કેટલી માયા ! બેઉ સ્કૂલેથી ન આવ્યાં હોય તો દરવાજા સુધી કેટલાય ચક્કર મારી આવે. રેખા કહેતી પણ ખરી, 'શાંતિથી એક જગ્યાએ ઠરીને બેસને મારી મા ! હમણાં આવી જશે બેય સ્કૂલેથી !'

રેખાને ખબર જ હોય કે, પેલાં બંને પણ પૂસીને જોઈને એવાં ગાંડાં-ઘેલાં થઈ જશે કે, પોતે બડબડ કરવું જ પડશે, 'એ તો નવરી છે, તમે બે પણ નવરાં છો ? પહેલાં હાથ-મોં ધૂઓ, કપડાં બદલો, દૂધ પીઓ. પછી એની સાથે રમવાનું. ને જુઓ, પહેલાં તમારું લેસન પૂરું કરજો ને પછી જ આ જોગમાયાને બોલાવજો.'

પણ હમણાં હમણાં મુન્ની અને બંટીને ઘરનું વાતાવરણ કંઈક બદલાયેલું લાગતું હતું. ઘરની હવામાં કાવતરાની ગંધ આવતી હતી. બંટીએ એક દિવસ મુન્નીને છૂપી બાતમી આપી, ખબર છે ? મેં માને બાપુજી સાથે વાત કરતા સાંભળી હતી કે, હવે એ પૂસીને મારી મારીને ઘરમાંથી કાઢવાની છે. ફરી પાછી એને ઘરમાં ઘૂસવા નથી દેવાની.

'પણ કેમ ?' મુન્નીના પેટમાં ફાળ પડી. 'મને બહુ સમજ તો ન પડી પણ મા એવું કહેતી,તી કે, પૂસી એક સાથે ચાર-પાંચ બચ્ચાંને જન્મ આપશે ને પછી ઘર આખું જાણે મેટરનીટી હોમ બની જશે. એટલે શું ? મુન્ની કોઈ જાણકારની અદાથી બોલી, 'હા.... હવે ખબર પડી. મને લાગતું જ હતું કે, હમણાં પૂસીનું પેટ મોટું થઈ ગયું છે. અચ્છા, તો એના પેટમાં બચ્ચાં છે એમ ને ? પણ એને બચ્ચાં આવે એ તો સારું ને ? એમાં માને શું વાંધો ?'

બાબુજી તો કહેતાઁતા કે, પૂસી છોકરાંઓ સાથે એટલી હળી ગઈ છે કે, એના વિના બંને હિજરાશે, તું આવી રીતે એને ઘરમાંથી કાઢતી નહીં.'તે મા માની ગઈ ? મુન્નીએ ખુશ થતાં પૂછ્યું,

ના રે, મા તો ઊલટી ગુસ્સે થઈને બાબુજીને કહેવા લાગી, લો બોલ્યા, એને કાઢ નહીં. તે એનાં ને એનાં બચ્ચાંનાં ગૂ-મૂતર તમે કે તમારાં છોકરાંઓ સાફ કરવાનાં છો ? ઘર આખું ગંધાઈ ઊઠશે પછી એ બધી વેઠ તો મારે જ કરવી પડશે ને ? બંટી, આપણે બંને માને કહીશું કે, એક દિવસ ઘર હું સાફ કરીશ ને બીજે દિવસે તારો વારો. પછી તો એને કોઈ પ્રોબ્લેમ નહીં નડે ને?

નડશે. હજી એક પ્રોબ્લેમ નડશે. એ કહેતીઁતી કે, માણસને પીવા માટે દૂધ મળતું નથી ને પૂસી ને એનાં બચ્ચાં ને કયાંથી પીવડાવીશ ? ના, મારે પૂસી ઘરમાં જોઈએ જ નહીં. ભાઈ-બહેન બંનેએ રાત્રે મોડે સુધી ગૂસપૂસ કરીને કંઈક યુક્તિ વિચારી ને પછી શાંતિથી સૂઈ ગયાં. બીજે દિવસે બંને શાળાએ જવા તૈયાર થતાં હતાં ત્યારે પૂસી મિયાઉ કરતી આવી. એને જોતાંની સાથે મા એકદમ ગુસ્સે થઈ ગઈ. હાથમાંની સાણસી જોરજોરથી પછાડતાં બોલી, ચાલ ભાગ અહીંથી. ફરીથી પાછી આ ઘરમાં દેખાઈ છે ને, તો ટાંટિયો ભાંગી નાખીશ. પૂસી બારીમાંથી કૂદીને ભાગી. મુન્ની અને બંટીએ એકીબજા સામે ઈશારો કર્યો. બીજે દિવસે દાદીમાનું શ્રાદ્ધ હતું. માએ દૂધપાક, પૂરી અને વડાં બનાવ્યાં હતાં. એણે બાબુજીને કહ્યું, આજે તો છોકરાંઓનું ભાવતું ભોજન છે. બેઉ એવાં તો ખુશ થઈ જશે કે. એને બદલે બેઉ પથારીમાંથી ઊઠયાં જ નહીં. બંટીએ કહ્યું,"મા, મને તો સખત ઝાડા થઈ ગયા છે. મારાથી ઉઠાતું જ નથી અને હું જમીશ પણ નહીં.'

મા મુન્નીને ઉઠાડવા ગઈ તો એણે કહ્યું, 'આખું શરીર બહુ દુખે છે, તાવ આવવાનો હોય એવું લાગે છે. મને સૂવા દે.'

મા સમજી ગઈ હતી કે, બંટીને ઝાડા શેના છે અને મુન્નીને તાવ કેમ આવ્યો છે. પણ હવે શું થાય ? પોતે જ પૂસીને ભગાડી હતી ને ટાંટિયો ભાંગી નાખવાની ધમકી આપી હતી. એ ય મૂઈ મારો ગુસ્સો બરાબર સમજે છે તે ગઈકાલથી આવી જ નથી. જ્યાં સુધી હું નહીં મનાવું ત્યાં સુધી આવશે ય નહીં. મા અને બાબુજી જમવા બેઠાં ત્યાં બાબુજીનું મન પણ જમવામાં નહોતું. એમણે કહ્યું, 'આ બધું છોકરાંઓને કેટલું ભાવે છે ? એમના વગર જમવાની કંઈ મજા ન આવે. તેં કાલે સાણસી પછાડીને ભગાડી ત્યારની પેલી મહારાણી રિસાઈને ગઈ છે. આજ સુધી નથી આવી. હવે આવશે જ નહીં તો !' 'ના, ના, એવું ના બોલો. આવશે, હું ગમે ત્યાંથી એને શોધી કાઢીને લઈ આવીશ. હું બોલાવીશ તો એ જરૂર આવશે. પછી એક કટોરામાં દૂધ કાઢીને બારી પાસે મૂકતાં મા જાણી જોઈને મોટીથી બોલી, 'જુઓ, આ આવી પૂસી.' આ સાંભળતાં જ મુન્ની અને બંટી પોતાનાં ઓઢવાનાં ફગાવીને દોડતાં આવી પહોંચ્યાં. માએ મીઠું હસતાં કહ્યું, 'કેમ, ક્યાં ગઈ બેઉની માંદગી ?' ત્યાં તો પૂસીએ શી ખબર ક્યાંથી આવીને ધબાક કરતો કૂદકો માર્યો ને ઘરમાં આવીને જીભ લાંબી કરીને મુન્ની અને બંટીને ચાટવા લાગી. મા આ દશ્ય જોઈને સાડલાના છેડાથી આંખો લૂછવા માંડી. મુન્ની માના ગળામાં બંને હાથ ભરાવીને લટકી પડી ને ગાવા લાગી, 'અમે તો તારાં નાનાં બાળ, અમારી તું લેજે સંભાળ.'

પાછળથી આવીને પૂસીએ પણ સૂર પુરાવ્યો. 'મિયાઉં, મિયાઉં.'

(રશૈલેષ મટિયાનીની હિન્દી વાર્તાને આધારે)

## ડિજિટલ યુગના જેન-ઝીએ જાણવા જેવી

# અખંડ ભારતની શૌર્યગાથા



**નોખી-અનોખી** - કિંજલ પંડ્યા, પારડી

આજનો સમય સોશિયલ મીડિયા, સ્માર્ટફોન અને જેન-ઝીનો છે. ટેકનોલોજીના આ ઝડપી યુગમાં રિલ અને ટ્રેન્ડ્સ પાછળ દોડતી આપણી આ નવી પેઢી જ વાસ્તવમાં આ દેશનું સાચું ભવિષ્ય છે. આપણા પ્રધાનસેવક પણ હંમેશા આ યુવા પેઢીની અથાક ઊર્જા પર અપાર વિશ્વાસ મૂકીને તેમને રાષ્ટ્રનિર્માણમાં આગળ આવવા પ્રોત્સાહિત કરે છે. પરંતુ જ્યારે આ યુવાનો દેશની સામે આવીને ઊભા રહે છે, ત્યારે તેમને પાસે બેસાડીને આ મહાન અખંડ ભારતનો એક એવો ગૌરવશાળી ઈતિહાસ કહેવાની તીવ્ર ઈચ્છા થાય છે, જે શાળાના પાઠ્ય પુસ્તકોમાં ક્યાંક ખોવાઈ ગયો છે.

આપણે આજે આપણા ઘરોમાં શાંતિ અને સક્ષમતાથી જીવન પસાર કરી શકીએ છીએ, કારણ કે કડકડતી ઠંડી, આકરા તાપ અને દુર્ગમ પહાડો વચ્ચે સરહદ પર આપણા વીર સપૂતો રાષ્ટ્રની રક્ષા કરી રહ્યા છે. હમણાં થોડા સમય અગાઉ જ આપણે સૌ 'ઓપરેશન સિંદૂર' જેવા ઐતિહાસિક શૌર્યના સાક્ષી બનવાનું સૌભાગ્ય પામ્યા. આપણા દેશની ત્રણેય સેનાઓએ પોતાનું અદમ્ય સાહસ અને તકનીકી કૌશલ્ય બતાવીને દુશ્મન દેશને ધૂળમાં રગદોળી નાખ્યો અને તેમનું અસ્તિત્વ હચમચાવી દીધું. પોતાનો જીવ અને જીવન માતૃભૂમિના ચરણોમાં સમર્પિત કરીને આ જવાનો દેશની બહેન, દીકરી અને માતાઓના સિંદૂરની રક્ષા કરે છે અને સમય આવ્યે થયેલા અન્યાયનો કડક બદલો પણ લે છે. આ તમામ વીરોને રાષ્ટ્રના શત શત નમન. આજના યુવાનોએ એ જાણવું ખૂબ જરૂરી છે કે આજે આપણે જે ભારતનો નકશો જોઈએ છીએ, એ ઈતિહાસનો માત્ર એક અંશ છે. ભૂતકાળમાં અખંડ ભારતની સીમાઓ અફઘાનિસ્ત ાનના હિંદુકુશ પર્વતોથી લઈને મ્યાનમાર, મલેશિયા અને ઈન્ડોનેશિયા સુધી પથરાયેલી હતી. પરંતુ દુઃખની વાત એ છે કે આપણને ઈતિહાસમાં માત્ર વિદેશી આક્રમણકારોની ગાથાઓ જ ભણાવવામાં આવી, જ્યારે આપણા પોતાના રાજાઓ અને સેનાપતિઓનું શૌર્ય અજાણ્યું રહી ગયું.

બહુ ઓછા યુવાનો જાણે છે કે દક્ષિણ ભારતના ચોળ સામ્રાજ્ય પાસે એક સમયે વિશ્વની સૌથી શક્તિશાળી નૌકાસેના (Navy) હતી. રાજેન્દ્ર ચોળ પ્રથમે આખી બંગાળની ખાડીને 'ચોળ સરોવર' બનાવી દીધી હતી અને સમુદ્ર પાર કરીને મલેશિયા અને ઈન્ડોનેશિયા સુધી ભારતીય સંસ્કૃતિ અને વિજયનો ધ્વજ ફરકાવ્યો હતો. તેવી જ રીતે, અસમના વીર સેનાપતિ લચિત બરફુકને 'સરાઈઘાટના યુદ્ધ'માં તત્કાલીન મહાન ગણાતી મુઘલ સેનાને બ્રહ્મપુત્રા નદીના વહેણમાં એવી રીતે હરાવી હતી કે મુઘલો ક્યારેય પૂર્વોત્તર ભારત પર કબજો કરી શક્યા નહોતા. ઉદયપુરના મહારાણા કુંભાએ પોતાના જીવનમાં ૮૪માંથી૩૨ કિલ્લાઓ બંધાવ્યા અને એક પણ યુદ્ધ હાર્યા વગર માળવા અને ગુજરાતના સુલતાનોને પરાજિત કર્યા હતા.

અખંડ ભારત માત્ર જમીનનો ટુકડો નહોતો, પરંતુ તે જ્ઞાન અને વિજ્ઞાનનું વિશ્વકેન્દ્ર હતું. જ્યારે આખી દુનિયા પથ્થર યુગમાં કે કબીલાઓમાં જીવતી હતી, ત્યારે ભારતમાં નાલંદા અને તક્ષશિલા જેવી વિશ્વવિદ્યાલયો ધબકતી હતી, જ્યાં વિશ્વભરમાંથી હજારો વિદ્યાર્થીઓ ખગોળશાસ્ત્ર, ગણિત, શસ્ત્રવિદ્યા અને આયુર્વેદ શીખવા આવતા હતા. શલ્યચિકિત્સા (Surgery)ના જનક મહર્ષિ સુશ્રુતથી લઈને શૂન્યની શોધ કરનાર આર્યભટ્ટ સુધીની ધરોહર આ જ ભૂમિમાં જન્મી છે.

સમય જતાં વિદેશી આક્રમણકારો અને કૂટનીતિઓએ આ અખંડ ભારતના ટુકડા કર્યા. અફઘાનિસ્તાન, નેપાળ, ભૂતાન, તિબેટ, મ્યાનમાર, શ્રિલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ - આ બધા જ એક સમયે આ સાંસ્કૃતિક ભારતવર્ષનો જ હિસ્સો હતા. આ બધું ભૂગૌલિક રીતે ભલે અલગ થયું, પણ તેની સનાતન આત્મા આજે પણ ભારતભૂમિમાં ધબકે છે.

વિષ્ણુ પુરાણનો શ્લોક આ તમામ તથ્યોનો પુરાવો છે.

उत्तरं यत् समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम।
वर्षं तद् भारतं नाम भारती तत्र सन्ततिः ।।

આ સિવાય ચાણક્યના 'અર્થશાસ્ત્ર' અને મૌર્ય સામ્રાજ્યના નકશાઓમાં અફઘાનિસ્તાન (ગાંધાર)થી લઈને મ્યાનમાર સુધીના વિસ્તારનો ઉલ્લેખ છે.

આજનો જેન-ઝી યુવાન જો સ્માર્ટફોનની તાકાતની સાથે દેશના આ સાચા ઈતિહાસને સમજશે અને હકની સાથે પોતાની ફરજો પ્રત્યે જાગ્રત થઈને રાષ્ટ્રહિતમાં તત્પર રહેશે, તો ભારતને 'વિશ્વગુરુ' બનતા કોઈ રોકી શકશે નહીં. સરહદ પર જવાનો રાષ્ટ્રનું રક્ષણ કરી રહ્યા છે, ત્યારે દેશની અંદર રહીને રાષ્ટ્રધર્મ નિભાવવાની ખરી જવાબદારી આજના નવયુવાનોના ખભા પર છે.

## સ્વતંત્રતા એટલે માત્ર બોલવાની આઝાદી નહીં

# જવાબદારીથી જીવવાની પણ કળા



**પ્રીતનું ઝરણું** જ્યોતિ ઉત્પલ પંડ્યા, અતુલ

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ભારતના ઈતિહાસનો સૌથી ગૌરવપૂર્ણ દિવસ છે. સદીઓની ગુલામી, સંઘર્ષ અને અસંખ્ય વીર સપૂતોના બલિદાન પછી ભારતે સ્વતંત્રતાનો શ્વાસ લીધો. પરંતુ આઝાદી સાથે જ દેશનું વિભાજન થયું અને ભારત તથા પાકિસ્તાન બે અલગ રાષ્ટ્રો બન્યા. ત્યારથી બંને દેશો વચ્ચે અનેક વખત તણાવ અને સંઘર્ષ જોવા મળ્યા છે. આ ઈતિહાસ આપણને માત્ર ભૂતકાળ યાદ કરાવતો નથી, પરંતુ શાંતિ, એકતા અને રાષ્ટ્રહિતનું મહત્વ પણ સમજાવે છે. સ્વતંત્રતા એટલે માત્ર મનમાં આવે તે બોલી દેવાની છૂટ નથી. સ્વતંત્રતા એટલે પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર, સાથે સાથે બીજા વ્યક્તિના વિચારો અને સન્માનનું પણ રક્ષણ કરવાની જવાબદારી. ભારતનું લોકતંત્ર આપણને મત આપવાનો, પ્રશ્ન પૂછવાનો, અન્યાયનો વિરોધ કરવાનો અને સરકારની નીતિઓ સામે પોતાનો અભિપ્રાય રજૂ કરવાનો અધિકાર આપે છે.


પરંતુ વિરોધની ભાષા સંયમિત અને શિસ્તબદ્ધ હોય ત્યારે જ લોકશાહીની સુંદરતા જળવાઈ રહે છે. આજની યુવા પેઢીને ટેક્નોલોજીનું અદભુત વરદાન મળ્યું છે. સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ, યુટ્યુબ અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા જ્ઞાન મેળવવાની અને પોતાની પ્ર - તિભા વિશ્વ સુધી પહોંચાડવાની તક આજે દરેક યુવાનના હાથમાં છે.

આ તકનો ઉપયોગ શિક્ષણ, સંશોધન, સર્જનાત્મકતા, રાષ્ટ્રસેવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન માટે થઈ શકે છે. પરંતુ જો સોશિયલ મીડિયા માત્ર ગાળો, અફવા, ટ્રોલિંગ, અંધ અનુસરણ અને પ્રસિદ્ધિ મેળવવાનું સાધન બની જાય, તો એ જ ટેક્નોલોજી વિકાસના બદલે વિભાજનનું કારણ બની શકે છે. તાજેતરના કેટલાક વિરોધ પ્રદર્શનોમાં જોવા મળેલી અશિષ્ટ ભાષા અને ઉગ્ર અભિવ્યક્તિ આપણને વિચારવા મજબૂર કરે છે કે શું આપણે સ્વતંત્રતાનો સાચો અર્થ સમજ્યો છે? કોઈ નીતિ સામે અસહમત થવું ખોટું નથી. સરકારને પ્રશ્ન કરવો પણ લોકશાહીની શક્તિ છે. પરંતુ અસહમતિને અપમાનમાં અને વિરોધને અશ્લીલતામાં ફેરવવો એ સ્વતંત્રતાની મર્યાદાને નબળી પાડે છે. ખાસ કરીને યુવાનો માટે સંસ્કાર અને જવાબદારીનું મહત્વ વધારે છે. અહીં યુવતીઓ કે યુવાનોને અલગ રીતે દોષ આપવાનો પ્રશ્ન નથી; દરેક નાગરિક માટે એકસરખા મૂલ્યો લાગુ પડે છે. આપણા વર્તનમાં પરિવાર, શિક્ષણ, સમાજ અને દેશની સંસ્કૃતિનું પ્રતિબિંબ દેખાય છે. સ્ત્રી હોય કે પુરુષ—સૌએ પોતાની વાણી, વર્તન અને ડિજિટલ ઉપસ્થિતિ દ્વારા સમાજને દિશા આપવાની જવાબદારી સ્વીકારવી જોઈએ. ભારતની સ્વતંત્રતાના ૮૦મા વર્ષ તરફ આગળ વધતાં આપણે એક પ્રશ્ન જરૂર પૂછવો જોઈએ—શું આપણે માત્ર અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયા છીએ, કે પછી અજ્ઞાન, અશિષ્ટતા, અફવા, દ્વેષ અને અંધ અનુસરણમાંથી પણ મુક્ત થવાનું શીખ્યા છીએ?

સાચો દેશપ્રેમ માત્ર તિરંગો લહેરાવવામાં નથી. સાચો દેશપ્રેમ સત્ય બોલવામાં, કાયદાનું પાલન કરવામાં, બીજાના સન્માનનું રક્ષણ કરવામાં, મતભેદ છતાં સંવાદ જાળવવામાં અને પોતાના દેશને આગળ વધારવામાં છે. આઝાદી આપણને વારસામાં મળી છે, પરંતુ તેને જાળવવાની જવાબદારી આપણી છે. શહીદોના બલિદાનને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ મળશે, જ્યારે ભારતનો યુવાન સ્વતંત્ર પણ હશે અને સંસ્કારી પણ, નિર્ભય પણ હશે અને જવાબદાર પણ, પ્રશ્ન પૂછનાર પણ હશે અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપનાર પણ.

'કારણ કે સાચી સ્વતંત્રતા એ છે— 'મને જે કહેવું છે તે કહેવાની આઝાદી' સાથે 'કેવી રીતે કહેવું તેની સમજણ.'

# ચારે તરફ નિઃશબ્દતા કંઈ આજની નથી



*ઘરની દરેક ભીંતને તો જાણ હોય છે,*
*ઘરના દરેક સભ્યની પિછાણ હોય છે.*
*સુખ-દુઃખને કોઈ ત્રાજવેથી તોલવાં નથી,*
*સરખું જ સાવ બેઉનું પ્રમાણ હોય છે.*
*નાનીસૂની તો ચીજ નથી માનવીનું મન,*
*કંઈ સેંકડો રહસ્યની એ ખાણ હોય છે.*
*શું બોલવું ન બોલવું એની સમજ વિશે,*
*ભીતર સદાય ચાલતું રમખાણ હોય છે.*
*ચારેતરફ નિઃશબ્દતા કંઈ આજની નથી,*
*લાગે અહીંની કાયમી મોકાણ હોય છે.*

નીતિન પારેખ

(અજવાળાની ક્ષણ માંથી)

**સંવેદન** - ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

### ઘર, મન અને મૌનની આંતરિક દુનિયા

નીતિન પારેખની રજૂ કરેલી કવિતા માનવીના ઘર, મન, સુખ-દુઃખ, આંતરિક સંઘર્ષ અને આસપાસ છવાયેલી નિઃશબ્દતાને ખૂબ જ સંવેદનશીલ રીતે વ્યક્ત કરે છે. કવિતાની શરૂઆત ઘરની ભીંતોથી થાય છે અને અંતે સમગ્ર વાતાવરણની કાયમી મોકાણ સુધી પહોંચે છે. બહારથી સામાન્ય લાગતી ઘરજીવનની દુનિયાની અંદર કેટલાંય ભાવો, રહસ્યો અને સંઘર્ષો સતત ચાલતા રહે છે—આ કવિતાનો મુખ્ય વિચાર છે.

કવિ પ્રથમ પંક્તિમાં કહે છે કે 'ઘરની દરેક ભીંતને તો જાણ હોય છે, ઘરના દરેક સભ્યની પિછાણ હોય છે.' અહીં ભીંતો માત્ર ઈંટ-ચૂનાની રચના નથી, પરંતુ ઘરના મૌન સાક્ષી તરીકે રજૂ થાય છે. ઘરના સભ્યોની ખુશી, દુઃખ, ઝઘડા, પ્રેમ, અણબનાવ અને લાગણીઓ—આ બધું ભીંતોએ જાણે જોયું અને અનુભવ્યું હોય છે. 'ભીંત'નું માનવીકરણ કરીને કવિ ઘરને જીવંત બનાવે છે. આ પંક્તિઓમાં ઘર પ્રત્યેની આત્મીયતા અને તેના મૌન સાક્ષીપણા બંને પ્રગટ થાય છે.

આગળ કવિ સુખ અને દુઃખ વિશે કહે છે—'સુખ-દુઃખને કોઈ ત્રાજવેથી તોલવાં નથી, સરખું જ સાવ બેઉનું પ્રમાણ હોય છે.' જીવનમાં સુખ અને દુઃખ એકબીજાના વિરોધી હોવા છતાં બંને જીવનના અનિવાર્ય અંગો છે. માણસ ઘણી વાર સુખને વધારે મહત્વ આપે છે અને દુઃખથી દૂર ભાગવા માગે છે, પરંતુ કવિ કહે છે કે જીવનના ત્રાજવામાં બંનેનું પ્રમાણ સરખું જ છે. અહીં 'ત્રાજવું' જીવનના સંતુલનનું પ્રતીક છે. સુખ સતત રહેતું નથી અને દુઃખ પણ કાયમી નથી. જીવનની પૂર્ણતા બંનેના સહઅસ્તિત્વમાં છે. આ વિચાર કવિતાને તત્ત્વચિંતનની ઊંડાઈ આપે છે.

ત્રીજા શેરમાં કવિ માનવીના મનની અદ્ભુત દુનિયા તરફ વળે છે—'નાનીસૂની તો ચીજ નથી માનવીનું મન, કંઈ સેંકડો રહસ્યની એ ખાણ હોય છે.' માનવીનું મન બહારથી દેખાતું નથી, પરંતુ તેની અંદર વિચારો, લાગણીઓ, ઈચ્છાઓ, યાદો, ભય, આશાઓ અને અનેક રહસ્યો છુપાયેલા હોય છે. 'રહસ્યની ખાણ' અત્યંત સુંદર રૂપક છે. ખાણમાં જેમ અનેક મૂલ્યવાન અને અજાણ્યા પદાર્થો છુપાયેલા હોય છે, તેમ માનવીના મનમાં પણ અસંખ્ય રહસ્યો દટાયેલા હોય છે. મનની આ જટિલતા અને અગાધતા કવિએ સરળ શબ્દોમાં વ્યક્ત કરી છે.

પછી કવિ માનવીના આંતરિક સંઘર્ષને રજૂ કરે છે—'શું બોલવું ન બોલવું એની સમજ વિશે, ભીતર સદાય ચાલતું રમખાણ હોય છે.' માણસના મનમાં સતત એક પ્રકારનો સંવાદ ચાલતો રહે છે. ક્યારે શું કહેવું, શું ન કહેવું, ક્યાં મૌન રહેવું અને ક્યાં પોતાના મનની વાત વ્યક્ત કરવી—આ નિર્ણય સરળ નથી. બહારથી માણસ શાંત દેખાતો હોય છતાં અંદર વિચારોનું 'રમખાણ' ચાલતું હોઈ શકે છે. 'રમખાણ' શબ્દ અહીં ખૂબ અસરકારક છે, કારણ કે તે મનની અશાંતિ અને વિચારોની ગૂંચવણને જીવંત બનાવે છે. આ શેર માનવીની વાણી અને મન વચ્ચેના સંઘર્ષને સુંદર રીતે વ્યક્ત કરે છે.

છેલ્લા શેરમાં કવિ ફરી મૌનની વાત કરે છે—'ચારેતરફ નિઃશબ્દતા કંઈ આજની નથી, લાગે અહીંની કાયમી મોકાણ હોય છે.' અહીં નિઃશબ્દતા માત્ર અવાજનો અભાવ નથી. તે સંબંધોમાં આવેલા અંતર, લાગણીઓના દબાણ અને મનની એકલતાનું પ્રતીક બની જાય છે. 'કાયમી મોકાણ' શબ્દ-યોગ વાતાવરણમાં છવાયેલી ઉદાસીનતા અને નિર્જીવતાને અસરકારક રીતે વ્યક્ત કરે છે. કવિને લાગે છે કે આ મૌન આજનું કે ક્ષણિક નથી, પરંતુ જાણે લાંબા સમયથી અહીં વસેલું છે. આ અંતિમ શેર સમગ્ર કવિતાના ભાવને વધુ ગહન બનાવે છે.

કવિતાની ભાષા સરળ, સહજ અને ભાવસભર છે. કવિએ અઘરા શબ્દો કે જટિલ વિચારોનો આશરો લીધા વિના રોજિંદા જીવનમાંથી જ સુંદર પ્રતીકો લીધાં છે. 'ભીંત', 'ત્રાજવું', 'ખાણ', 'રમખાણ અને 'મોકાણ' જેવા શબ્દો કવિતાને દશ્યાત્મક અને અર્થસભર બનાવે છે. ખાસ કરીને દરેક શેરના અંતે આવતાં પિછાણ, પ્રમાણ, ખાણ, રમખાણ અને મોકાણ જેવા પ્રાસયુક્ત શબ્દો કવિતામાં સંગીતમયતા લાવે છે.

કવિતાની રચનામાં એક વિશેષ આંતરિક ગતિ જોવા મળે છે. શરૂઆત ઘરના ભૌતિક અસ્તિત્વથી થાય છે, પછી જીવનના સુખ-દુઃખ તરફ, ત્યારબાદ માનવીના મનના રહસ્યો તરફ અને અંતે સમગ્ર વાતાવરણની નિઃશબ્દતા તરફ કવિતા આગળ વધે છે. એટલે કવિતા ધીમે ધીમે 'ઘર'માંથી 'મન' અને 'મન'માંથી 'સમાજ અને વાતાવરણ' સુધી વિસ્તરે છે.આ કવિતાનો મુખ્ય સંદેશ એ છે કે માણસનું બહારનું જીવન જેટલું સરળ દેખાય છે, તેની અંદરની દુનિયા એટલી જ જટિલ હોય છે. દરેક ઘર પોતાની અંદર અસંખ્ય વાર્તાઓ સાચવીને બેઠું છે. દરેક વ્યક્તિના મનમાં પોતાના રહસ્યો અને સંઘર્ષો છે. સુખ અને દુઃખ જીવનના બે અનિવાર્ય પાસાં છે અને ઘણી વાર માણસના મૌન પાછળ અનેક અનકહેલી વાતો છુપાયેલી હોય છે. આ રીતે નીતિન પારેખની આ કવિતા માનવીના આંતરિક જીવનનું સંવેદનશીલ અને ચિંતનાત્મક ચિત્ર રજૂ કરે છે. ઘર અને ભીંત જેવા સામાન્ય વિષયોમાંથી કવિએ મનુષ્યના અસ્તિત્વની ઊંડી વાત શોધી કાઢી છે. કવિતા આપણને પોતાના મનમાં ડોકિયું કરવાની અને આસપાસના મૌનને સમજવાની ‑રણા આપે છે. સરળ ભાષા, અસરકારક રૂપકો, સુંદર પ્રાસ અને ઊંડા જીવનદર્શનને કારણે આ કવિતા હૃદયસ્પર્શી તથા ચિંતપ્રેરક બની છે.

# ભારત દેશ આઝાદ થયો કે ખાલીમાલિકો બદલાયા છે



**સતરંગી શમણાં** -નીતા પી. જાદવ, રાજકોટ

ભારત એક એવો દેશ જેને કુદરતે છૂટે હાથે સુંદરતા અને વૈભવનો ખજાનો આપ્યો છે. ચારે દિશાઓનીરક્ષા કુદરત પોતે કરતી હોય એમ ત્રણેય દિશાઓથીઘેરી વળતા સાગર અને ઉત્તરમાં બરફથી છવાયેલા દુનિયાનોસૌથીઊંચો હિમાલયભારતના મુકુટસમાન છે. અધ્યાત્મ અને મુક્તિ જેવા મૂળરહસ્યોને જાણવા દુનિયાભરથી લોકો વિદેશમાંથી ભણવા આવતા અને વેપાર કરવા ભારતતરફ ખેંચાઈ આવતા. આવી ઝાકમઝોળ અને જાહોજલાલીના કારણે વિદેશી આક્રમણકારો એ વર્ષો સુધી ભારતપર કબજો કરી દેશનેહજાર હાથે લૂંટ્યો.

પણ કહેવાય છે ને કુછ ખાસ બાત હૈઈસ દેશ કી મિટ્ટી મેં કે... હસ્તી હમારી મિટતી નહિ... પણ આવા ગુમાનમાં ને ગુમાનમાં એક અખંડ ભારતના કેટલી વાર ટુકડા થયા. પણ જનતાને ઉલ્લુ બનાવી ખોટી ભ્રમણામાં ગૂંચવી રાખ્યા છે.

જે સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્યઅને રાજા વિક્રમાદિત્યનાસમયમાં એક અખંડ ભારતમાંસુવર્ણ કાળ હતો, એની પરિકલ્પના હવેસ્વપ્નવત્ બનીગઈ છે.આજે જનતા રામરાજ્યની આશામાં પોતાના નેતાઓને ચૂંટેછે, પણ એને ધોળેદિવસે ઉઘાડી લૂંટચલાવી ક્રૂર અંક્રાંતા કરતાં વધારે પીડામાંમૂકી દીધી છે. ચીન અને જાપાન જેવા દેશો ભારતના નજીકના સમયમાં જ ગુલામીમાંથી મુક્તથયા અને આજે દુનિયામાંવિકસિતદેશ તરીકેપોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું, બીજી તરફલોકોના કલ્યાણ માટેલોકશાહી વ્યવસ્થાના નામ પરગરીબોને ગરીબ બનાવી રાખ્યા.

આઝાદીના આટલા વર્ષો પછીપણદેશમાં ગરીબી, રોટી, કપડા, મકાન, સાક્ષરતા, બેરોજગારી, જાતિવાદ , ધર્મના નામે દંગા, ભાષાના નામ પર, પ્રદેશવાદ, આતંકવાદ, પ્રદૂષણઅને મિલાવટી ખાનપાનની ચીજો, પૂરતી સરકારી હોસ્પિટલઅને શાળાઓ પણહજી નામ માત્રચાલે છે. પ્રાઈવેટ શાળાઓ - કોલેજો અને દવાખાનાઓનારાફડાફાટ્યા છે. શિક્ષણમાં નવી નીતિઓના નામ પર અભણ સાક્ષર તૈયાર કરવા વિદ્યાર્થીઓનીવયકક્ષા બહારનો સિલેબસ, હજારોનારિપોર્ટ કરાવતા પ્રાઈવેટ દવાખાના, કોન્ટ્રાક્ટ આધારે નોકરીઓ, ગંદુપાણી, મોંઘીવીજળી, કરોડોના ખર્ચે ધરાશયી થતાપૂલ અને રસ્તા, પાણીની ટાંકીઓ, જર્જરિત હાલતમાં ચાલતી શાળાઓ, સુવિધવિહોણા દવાખાના, દારૂના અડ્ડા, ડ્રગ્સનોવેપલો, દુનિયામાંસૌથીવધુ થતાબળાત્કાર, ઢગલાબંધ ટેક્સ અને એમાં આજે પણપીસાતોમધ્યમ વર્ગ.... ચારે તરફભ્રષ્ટાચારથી ત્રસ્ત જનતા આજે પણવિચારે છે કે, સાચે જ ભારત આઝાદ થયો છે

# સ્વતંત્રતા દિવસ : રાષ્ટ્રગૌરવનું પર્વ



૧૫ ઓગસ્ટ ભારતના ઈતિહાસમાં અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક દિવસ છે. વર્ષ ૧૯૪૭માં આ દિવસે ભારતે બ્રિટિશ શાસનની ગુલામીમાંથી સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી. આઝાદી મેળવવા માટે દેશના અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓએ વર્ષો સુધી સંઘર્ષ કર્યો હતો. મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ સહિત અનેક મહાન ક્રાંતિકારીઓ અને દેશભક્તોએ દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમના ત્યાગ, બલિદાન અને સંઘર્ષના કારણે આજે આપણે સ્વતંત્ર ભારતની હવામાં શ્વાસ લઈ શકીએ છીએ. સ્વતંત્રતા દિવસ માત્ર એક રાષ્ટ્રીય તહેવાર નથી, પરંતુ દેશના ગૌરવ અને આપણી જવાબદારીને યાદ કરવાનો અવસર છે. આ દિવસે દેશભરમાં શાળાઓ, સરકારી કચેરીઓ, સંસ્થાઓ અને જાહેર સ્થળોએ તિરંગો લહેરાવવામાં આવે છે. રાષ્ટ્રગીત અને દેશભક્તિના ગીતો સાથે આઝાદીના શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. દેશના વડાપ્રધાન નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવીને દેશને સંબોધન કરે છે.

આઝાદીના અમૃતકાળમાં ભારતે શિક્ષણ, વિજ્ઞાન, ટેકનોલોજી, કૃષિ, ઉદ્યોગ, રમતગમત અને અવકાશ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આજે ભારત વિશ્વના મહત્વપૂર્ણ દેશોમાં પોતાનું આગવું સ્થાન બનાવી રહ્યું છે. તેમ છતાં દેશના વિકાસ માટે દરેક નાગરિકની ભૂમિકા મહત્વપૂર્ણ છે. સ્વચ્છતા, શિક્ષણ, પર્યાવરણનું રક્ષણ, કાયદાનું પાલન અને એકતા જાળવવા જેવા નાના પ્રયાસો પણ રાષ્ટ્રનિર્માણમાં મોટું યોગદાન આપી શકે છે.

આવો, આ સ્વતંત્રતા દિવસે દેશના શહીદોને યાદ કરી ભારતને વધુ મજબૂત, સમૃદ્ધ, સ્વચ્છ અને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ કરીએ.

'જય હિંદ! જય ભારત!'

# ૮૦મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ!

ભારતના ગૌરવશાળી ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે સર્વ દેશવાસીઓને, વાલીશ્રીઓને તથા વહાલા વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ

ફ્રેન્ડસ ન્યુ ઈંગ્લીશ સ્કુલ ટ્રસ્ટ, બીલીમોરા
(સંચાલિત સંસ્થાઓ)



- બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કુલ
- વી. એસ. ગૃપ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ
- જે. જે. મહેતા સાર્વજનિક હાઈસ્કુલ (પ્રાથમિક વિભાગ)
- જે. જે. મહેતા સાર્વજનિક સ્કૂલ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ)

# સ્વાતંત્રતા પર્વ ૧૫મી ઓગસ્ટ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ

GOLDEN JUBILEE
ESTD 1957

# બીલીમોરા વિભાગ કેળવણી મંડળ

કોલેજ કેમ્પસ, મોરારજી દેસાઈ માર્ગ,
બીલીમોરા ૩૯૬ ૩૨૧.ફોન નં. ૦૨૬૩૪ - ૨૮૩૭૫૯

15TH
VIJAYI VISHWA TRIRANGA PYAARA
August

લિ.
બીલીમોરા વિભાગ કેળવણી મંડળના
હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીઓ તથા સભ્યશ્રીઓ

SUPERFORM™ | Change chemistry.™ Change everything.

# Change is Inevitable. Growth is Optional.

Be on the right side of change.



www.superformchemistries.com

# અન્ય સમાચારો

## નામ બદલેલ છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **અશોક મીઠારામ પ્રીતમનાની** હતું જે બદલીને મારૂ નવું નામ **અશોકકુમાર મીઠારામ પ્રીતમનાણી** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

**લિ. અશોકકુમાર મીઠારામ પ્રીતમનાણી**

સરનામું : નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬૧૩૫

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૪૫/૨૦૨૬

**અરજદાર : બલબહાદુર ગગનસિંહ ટમટા**
રહે. સોળસુંબા
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. વી.જે. સુકાની)

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સોળસુંબા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બલબહાદુર ગગનસિંહ ટમટા,** રહે. સોળસુંબા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **જય બલબહાદુર ટમટાનું** મરણ તા.૦૧-૦૯-૨૦૧૫ના રોજ મોજે - સોળસુંબા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

નં.એમ.એ.જી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૧૪૫/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહી/
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

## આજે ડાંગની તમામ પંચાયતોમા ખાસ ગ્રામસભા યોજાશે

**આહવા, તા. ૧૪ :** સ્વતંત્રતા દિવસ નિમિત્તે તા.૧૫ મી ઓગસ્ટના રોજ ડાંગ જિલ્લાની તમામે તમામ સો ગ્રામ પંચાયતોમા ખાસ ગ્રામસભાઓ યોજાશે. સ્વતંત્રતા દિવસ એ માત્ર રાષ્ટ્રીય ઉજવણી જ નહીં, પરંતુ સ્વચ્છ ઉર્જાની સુલભતા, ટકાઉપણુ અને સમુચિત વિકાસ જેવા મહત્વપૂર્ણ વિષયો પર સમુદાયોને એકત્ર કરવાની તક પણ છે.

## TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૦૮/૨૦૨૬ સોમવાર | દાદરા | ૧૧ કેવી દાદરા ટાઉન | હોલીમોરા, માહ્યાવંશી ફળિયા, કેપી વિહાર, જૈન મંદિર વિસ્તાર, વલસાડ ફળિયા, સાંઈ કોમ્પ્લેક્ષ, સીએચસી, રતન પેટ્રોલ પંપ વિસ્તાર, એસાર પેટ્રોલ પંપ, પાલી રેસિડેન્સી, શગુન રેસિડેન્સી વિસ્તાર, વ્રજધામ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**NOTICE INVITING Expression of Interest (EoI)**

Notice Inviting EOI for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

| | |
|---|---|
| e- PTN No. | :25/2026-27/581 |
| Tender ID No. | :2026_UTDNH_8211_1 |
| Last date of download | : 18/08/2026 at 12:00 hrs. |
| Last date of online submission | :18/08/2026 till 13:00 hrs. |
| Last date of hard copy submission | : 18/08/2026 till 15:00 hrs. |

Name of work - Expression of Interest (EOI) for Empanelment of Agencies for Design, Engineering, Supply, Installation, Testing and Commissioning of 1–1.08 kWp Grid Connected Rooftop Solar PV Plants under PM Surya Ghar: Muft Bijli Yojana (PMSG: MBY) – ULA Model for PMAY-G Beneficiaries, including Comprehensive Operation & Maintenance for 5 Years, at the discovered tender rates.

www.dnhtenders.gov.in
ee-elec-dnh@ddd.gov.in 026-2406500

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa.
NO.: IP/DMN/2/5/2026-27/425 DATED :14/08/2026

## શેર સર્ટીફીકેટ ખોવાયું છે

આથી હું **કિરીટભાઈ પ્રેમજીભાઈ ચૌધરી**, રહે. ફ્લેટ નં.ઈ/૧૦૦૧ પ્રમુખ રેસીડન્સી વાપી, દમણ, રોડ ચલા-વાપી તા.વાપી, જી.વલસાડ જણાવું છું કે મારા પ્રમુખ રેસીડન્સીના શેર સર્ટીફીકેટ નં.૨૫૭ તથા શેર નં.૧૨૮૧થી ૧૨૮૫ મારા નામે હતાં તે શેર સર્ટીફીકેટ તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ સાંજે અંદાજે ૬:૩૦થી ૭:૦૦ વાગ્યાના અરસામાં ચલા ખાતે વાપી-દમણ રોડ ઉપર પસાર થતી વખતે રસ્તામાં પડી ગયેલ છે. અને જે કોઈને મળે તો પરત નીચેના સરનામે જણાવવા અથવા પહોંચતા કરવા વિનંતી સાથે યોગ્ય બદલો આપવામાં આવશે.

**લિ. કિરીટભાઈ પ્રેમજીભાઈ ચૌધરી**

રહે. ફ્લેટ નં.ઈ/૧૦૦૧ પ્રમુખ રેસીડન્સી વાપી, દમણ, રોડ ચલા-વાપી તા.વાપી, જી.વલસાડ

## ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના



**વિજયભાઈ પાટકર,**
**ઉમરગામ તાલુકા**
**એપીએમસી ઉપ-પ્રમુખ**



**શ્રીમતી મીનાબેન**
**વિજયભાઈ પાટકર**
**(ગ્રા.પં. ઘોડીપાડા સરપંચ)**

## ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના



**શ્રી રાકેશભાઈ વઘાત**
**ઉમરગામ તાલુકા સરપંચ**
**સંઘ પ્રમુખ**

## ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના

# ગ્રામ પંચાયત ખતલવાડ



**શ્રી સુરેન્દ્રભાઈ ટંડેલ, (સરપંચશ્રી)**
**તથા તલાટી કમ મંત્રીશ્રી તથા સભ્યો**

ગ્રામપંચાયતમાં વેરો સમયસર ભરી ગામ વિકાસમાં સહભાગી બનો

## ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના



**ડો. નિરવ શાહ**
**ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ**

## ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભકામના

# ઉમરગામ તાલુકા પંચાયત



**શ્રી સંતોષભાઈ**
**ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ**



**શ્રી હાર્દિકભાઈ શાહ**
**ઉમરગામ તાલુકા પંચાયત ઉપપ્રમુખ**


**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ, લોફર શુઝ, સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ**
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬





**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...

૮૦મું સ્વાતંત્ર્ય પર્વ અમરેલી ૨૦૨૬
૧૫ ઑગસ્ટ
રાજ્ય મહોત્સવ

ગૌરવ, એકતા અને ઉત્સવનો અવસર



માનનીય મુખ્યમંત્રી
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
ગરિમામયી ઉપસ્થિતિમાં

### રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ

**તારીખઃ** ૧૫ ઑગસ્ટ-૨૦૨૬, શનિવાર,
**સવારેઃ** ૯.૦૦ વાગે, **સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી

## વિકાસના માર્ગે અડીખમ ગુજરાત



**ખેડૂત કલ્યાણ**
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ: i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' એપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ



**યુવા વિકાસ**
'વિકસિત ગુજરાત' ના નિર્માણમાં યુવાનોની સહભાગિતાઃ 'શક્તિદૂત ૨.૦' યોજનાનો શુભારંભ



**જનજાતિય સમૃદ્ધિ**
વનવાસી સુધી પહોંચી સમૃદ્ધિઃ તમામ આદિવાસી જિલ્લાઓમાં ઉત્કૃષ્ટ શિક્ષણ વ્યવસ્થા, આધુનિક આરોગ્ય અને પાકા રસ્તાઓની સુગમતા




**શહેરી વિકાસ**
વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે શહેરોને મળી નવી ઓળખઃ પ્રદૂષણમુક્ત ઈ-બસ સેવાઓ અને સ્માર્ટ સિટીઝ દ્વારા સુવિધાસભર શહેરી જીવન



**આરોગ્ય સુવિધા**
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર: ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હોસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત



**મહિલા સ્વાવલંબન**
સુરક્ષિત અને સ્વાવલંબી નારીઃ સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'



"૮૦મું સ્વાતંત્ર્ય પર્વ એ દેશની આઝાદીનો મહામહોત્સવ તેમજ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રગૌરવને ઉજવવાનો અવસર છે."
**- હર્ષ સંઘવી**, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત